**ગુજરાતી જુનિયર (૫, ૬, ૭ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૧. તેજસ્વી નરેન અને તેના અદ્વિતીય ગુરુ

દક્ષિણેશ્વરમાં નરેન ખૂબ આનંદમાં હતા. એમના બાલિશ ઉત્સાહને અહીં મોકળો માર્ગ મળ્યો હતો. કડક અને હેતાળ પિતાની હાજરીમાં તેઓ યુવાન સિંહની માફક આનંદપૂર્વક મોજ કરતા. એમના મન અને હૃદયમાં ધરબાયેલી શક્તિ જે પહેલાં બંડખોર અને ઉગ્ર હતી તે હવે પૂર્ણપણે પ્રગટ થવા મુક્ત હતી. એ આધ્યાત્મિક શક્તિનો એક અખંડ પ્રવાહ પ્રગટ થતો હતો. શ્રીરામકૃષ્ણ આ સમજ્યા અને એમને જે ખુશી થઈ તે અવર્ણનીય હતી. નરેનના આત્માની ઉડાન તેઓ જોઈ શકતા હતા. શ્રીરામકૃષ્ણ અનેક વર્ષોના આધ્યાત્મિક અનુભવથી સંપન્ન થયેલા રાજા જેવા હતા. જ્યારે નરેન આ આધ્યાત્મિક વારસો પામેલા, ઉત્સાહથી યુક્ત એક યુવાન હતા. ઠાકુરે નરેનના મનને તેના પોતાના આંતરિક વેગના દબાણથી વર્તવાની છૂટ આપી હતી; નરેનના મનને જ પોતાના ગુરૂપદે સ્થાપવાની અનુમતિ આપી. તેઓ માનતા કે હૃદયની શુદ્ધતા એની મેળે જ ક્રમશઃ મનને ઉજ્જવલ કરે છે. રામકૃષ્ણ ઉપર સંશય કરવાની હિંમત ફક્ત નરેને જ બતાવી. તેઓ કહેતા, "હું કહું છું, એટલા માટે કાંઈ પણ સ્વીકારી ન લો, પરંતુ જાતે દરેક વસ્તુનું પરીક્ષણ કરો."

એ સત્ય છે કે શિષ્યોમાંથી ફક્ત નરેન્દ્રનાથ શ્રીરામકૃષ્ણની મહત્તા સમજતા હતા. ગુરૂજીમાં શંકા વ્યક્ત કરવાનું સાહસ તેઓ કરતા. તેમને એકલાને ઠાકુરમાં દૃઢ વિશ્વાસ હતો. જે ગુરૂજીના શબ્દે શબ્દને બુદ્ધિના ત્રાજવાપર તોળીને શંકાતીત થઈને મેળવ્યો હતો. બીજાઓ તેમના મુખમાંથી નીકળતા દરેક શબ્દને એકાગ્રતાપૂર્વક સાંભળતા અને મગ્ન થતા. તેઓ

ભક્ત હતા. તેઓ ઠાકુરને પ્રેમ કરતા. તેઓની શ્રદ્ધા પ્રેમને કારણે ઉત્પન્ન થઈ હતી. શ્રીરામકૃષ્ણ પ્રતિના પ્રેમ દ્વારા તેઓ એમને જાણતા. પણ નરેન તેમને પ્રશ્ન કરતા, તેમના વિધાનો પર સ્મિતપૂર્વક ટીકા કરતા. નરેન પણ ઠાકુરને પૂજતા અને તેમનો આદર કરતા. તે એકલા ઠાકુરના શબ્દે શબ્દને કસોટીની સરાણપર પરખતા. અને પછી સંશયમુક્ત થતા.

નરેનમાં જે સત્યની શોધ અને તેને પ્રાપ્ત કરવાની શક્તિ હતી તેને કારણે ઠાકુર નરેનનો આદર કરતા હતા. હા, શ્રીરામકૃષ્ણ કહેતા તે પ્રમાણે નરેનમાં એ “શિવનો સ્વભાવ” અથવા “શિવની શક્તિ” હતી. એક પ્રસંગે ઠાકુરે હાજર રહેલા શિષ્યોને નરેન્દ્રનાથને બતાવીને કહ્યું, “જુઓ! આ રહ્યો નરેન. જુઓ! જુઓ! કેવી શક્તિશાળી છે તેની આંતરિક શક્તિ! તે જાણે તેજસ્વી જ્ઞાનનો અફાટ સમુદ્ર છે!” ત્યાર પછી તેઓ માને પ્રાર્થના કરતા કે નરેનના તેજને થોડું ઝાંખું કર, જેથી તે કામ કરી શકે. તેઓ પ્રાર્થના કરતા, “ઓ મા! નરેનમાં તમારી માયાનો થોડો અંશ મુકો! નહીં તો, તેના આત્માના સ્વાભાવિક વલણથી તે વ્યક્તિગત અનુભૂતિની અભિવૃદ્ધિ કરવામાં રસ રાખશે, અનંતના શાશ્વત ધ્યાનમાં મગ્ન થઈ જશે અને સર્વોપરિ સત્યનો જ વિચાર કરશે, આમ દુનિયા એને ગુમાવી બેસશે.”

બીજા શિષ્યો નરેન વિષેના શ્રીરામકૃષ્ણના આ મુલ્યાંકનને નિર્વિવાદ સ્વીકારી લેતા. જ્યારે ઠાકૂર નરેન વિષે કહેતા, “તેની પાસે ૧૮ અસામાન્ય શક્તિઓ છે, જેમાંની એક કે બે જ માનવને વિશ્વમાં પ્રખ્યાત કરવા પૂરતી છે” નરેન એટલે સાક્ષાત ધગધગતી જ્વાળા! બધુ માલિન્ય અને અમંગળને ભસ્મ કરનારી. ત્યારે શંકા કરનાર તેઓ કોણ હતા?

શ્રીરામકૃષ્ણની શિક્ષણપદ્ધતિ અદ્‌ભૂત હતી. તેઓ તેમના શિષ્યોની દલીલો તરફ ભાગ્યે જ ધ્યાન આપતા. એકાદ શબ્દ, એક દષ્ટિ અથવા ગીતદ્વારા તેઓ શીખવતા. શિક્ષણ હતું, “અનુભૂતિ એજ ફક્ત ધ્યેય છે. જ્યારે હૃદયમાં અનુભૂતિ પ્રગટે છે, બધી દલીલો નિર્મૂળ થઈ જાય છે અને દિવ્ય જ્ઞાન સામે ઝળહળે છે.” એક દિવસ નરેન અને બીજા શિષ્યો ગરમાગરમ દલીલો કરવા માંડયા. “શું ઈશ્વર સાકાર છે કે નિરાકાર?

શું ઈશ્વર અવતાર લે છે કે દિવ્ય અવતાર એ કલ્પના છે?" જ્યાં સુધી ઈશ્વરજ્ઞાન વિષેની શોધના દરેક દૃષ્ટિબિંદુઓને આવરી ન લીધા, ત્યાં સુધી પળે પળે દલીલ ઉગ્ર થવા લાગી. નરેન વિજયી થયા. તેમણે બીજા શિષ્યોની દરેક દલીલોને કચડી નાખી. શ્રીરામકૃષ્ણ એમની પાસે આવ્યા અને શિષ્યોએ તેમના મુખથી નિમ્નલિખિત અર્થછાયા ધરાવતું ગીત સાંભળ્યું.

અરે મારા મન! એક ગાંડો માણસ અંધારા ઓરડામાં લટકતો હોય તેમ તું ઈશ્વરને જાણવા લટકે છે, તે તારા પ્રયત્નો કેટલા વ્યર્થ છે!

ગીત ચાલુ રહ્યું :

તત્ત્વજ્ઞાનની છ શાળાઓમાં જાઓ, ત્યાં તમને ઈશ્વરના દર્શન નહીં થાય;

ન તો તંત્રમાં કે ન વેદમાં, એ ઈશ્વર તો પ્રેમના મધુર અર્કમાં પ્રાપ્ત થશે.

તકરારી શિષ્યો શાંત અને ભાવવિભોર થઈ ને બેસી રહ્યા. તેમના દરેક પ્રશ્નોના જવાબ મળ્યા હતા. ખરેખર, શ્રી રામકૃષ્ણ અનુભૂતિની ભાષામાં બોલનાર શિક્ષક હતા. તેમણે ખરેખર સત્યને જોયું હતું. તેથી જે પ્રશ્નો હંમેશા માનવમનને વિવાદાસ્પદ લાગવાના એની પાછળ મગજમારી કરવાની શું જરૂર? ભગવાન બુદ્ધની જેમ શ્રીરામકૃષ્ણ તર્કનો ખૂબ ઓછા પ્રમાણમાં ઉપયોગ કરતા. શબ્દોની માયાજાળ રચવી એ શક્તિ નથી. એ અનુભૂતિ છે. એ ચારિત્ર્ય છે. એ વિષયવાસના અને સુવર્ણપર વિજય છે.

ચર્ચા ગમે એટલી ઉગ્ર બને સામાન્યતયા ઠાકુર વચ્ચે નહોતા પડતા. તેઓ તેમને બોલવા દેતા. તેઓ કહેતા, વાદવિવાદથી તેઓ સારી રીતે શીખશે. અને ક્યારેક તેઓ ચર્ચાની મજા પણ લેતા, એના વડે તેઓ પોતાના શિષ્યોની આધ્યાત્મિક આંતદૃષ્ટિને મૂલવતા. ખરેખર, ઠાકુરનો સાથ એ જ આત્મા માટે મોટી શાળા હતી. એ વ્યક્તિગત ઉન્નતિ, વૃદ્ધિ માટે ઉત્તેજક હતું. બધા પોતાની શક્તિને શોધવા અને ઓળખવા સ્વતંત્ર હતા. પણ કોઈક પ્રસંગે શ્રીરામકૃષ્ણ વચ્ચે પડતા: દાખલા તરીકે, જ્યારે

બીજાની મર્યાદિત દૃષ્ટિને નરેનના વિચારો અભિભૂત કરતા. એ એક ઘટના હતી જ્યારે નરેને કહ્યું કે સ્વતંત્રતા (મુક્તિ) માટે શ્રદ્ધા યોગ્ય સાધન નથી. નરેન "અંધવિશ્વાસ" વિષે વાત કરતા. ઠાકુર કહેતા, "તું 'અંધવિશ્વાસ' કોને કહે છે? શ્રદ્ધા હમેશા અંધ હોય છે. શું શ્રદ્ધાને 'આંખ' હોય છે? 'અંધશ્રદ્ધા' શું કામ કહેવું? યા તો ફક્ત 'શ્રદ્ધા' કહે અથવા 'જ્ઞાન' કહે. શ્રદ્ધાનું પૃથક્કરણ કરવામાં તારો શું મતલબ છે - શું એક શ્રદ્ધાને આંખ હોય છે અને બીજી અંધ હોય છે?"

ધીરે ધીરે અને આખરે ખાતરીપૂર્વક નરેનને સમજાયું કે આત્માનુભૂતિ એ જ સાચો ધર્મ છે : માણસે ઈશ્વરપ્રાપ્તિ કરવી જોઈએ. પરમ સત્ય વિષે વિચારવું સારું છે પણ એની અનુભૂતિ કરવી એ વધુ સારું છે - જે મેળવવા સમય લાગ્યો અને પ્રેમ અને ધીરજ પણ રાખવી પડી. પણ પછીથી નરેનને સમજાયું કે આંતદૃષ્ટિની શાંતિ એ શ્રીરામકૃષ્ણનો સૌથી સુંદર ઉપદેશ હતો. ચર્ચા દરમ્યાન શ્રીરામકૃષ્ણ હૃદયને વલોવી નાખનાર ઉપદેશ આપતા. બીજા સમયે તેઓ શિષ્યોને પોતાની હાલત પર અને તેમના દલીલબાજીના મિજાજમાં છોડી દેતા. ચર્ચા સમાપ્ત થતી અને તેઓ શ્રીરામકૃષ્ણને ઊંડી સમાધિમાં મગ્ન જોતા. કેટલાક સમય પછી તેઓ સમજી ગયા કે ઉગ્રચર્ચાનો વિરોધ કરવાની તેમની આ પદ્ધતિ હતી. તેમના શિક્ષણ પાછળ તેમનું ચારિત્ર્ય અને તેમના વૈયક્તિક જીવનનું આધ્યાત્મિક તેજ કામ કરતા. આ વ્યક્તિ જે વૈશ્વિક પ્રેમ અને સહિષ્ણુતાનું શિક્ષણ આપતી તે પોતે પણ એ જ પ્રકારે જીવતી હતી. શ્રીરામકૃષ્ણ કોઈપણ સામાજીક રીતરિવાજની વિરુદ્ધ ન જતા. તેઓ જાતિની વિરુદ્ધ જવાનું પણ નહોતા શીખવતા. જાતે બ્રાહ્મણ હોવા છતાં સામાજીક સ્તરમાં જેઓ પદદલિત હતા એવા પછાત જાતિના કરોડો લોકો પર પ્રેમ કરતા. દલિતમાં દલિત લોકો પણ જે કામ કરતાં સંકોચ પામે એવું અતિશય હલકું સેવાકાર્ય કરીને તેમણે પોતાની અતિશય નમ્રતા પુરવાર કરી હતી.

ઈશ્વરદર્શન અને અનુભૂતિ પ્રાપ્ત કરવાની પદ્ધતિઓ વિષે શ્રીરામકૃષ્ણ શું જવાબ આપતા? પ્રાર્થના કેમ કરવી? તેઓ કહેતા, "પ્રાર્થના કોઈ પણ પ્રકારે કરો, કેમકે ઈશ્વર કીડીનો પગરવ પણ સાંભળે છે." ઈશ્વરને કેવી રીતે શોધવો ? "વિષયવાસના (વિષયની ચમકદમક) અને સુવર્ણપર

વિજય મેળવીને.” તેમનો શીખવવાનો ખાસ વિષય હતો શુદ્ધ ભાવ. શુદ્ધ ભાવ વગર કાંઈ જ શક્ય નથી. શુદ્ધ ભાવથી બધું જ શક્ય છે. તેઓ નરેન અને બીજા વિદ્યાર્થીઓને કહેતા કે તેમણે ઈશ્વરને જાણવા માટે જે કાંઈ કર્યું છે તેનો સોળમો ભાગ પણ જો તેઓ કરશે તો તેઓ હંમેશ માટે સુખી થશે. "ઈશ્વર સાકાર કે નિરાકાર?" ઈશ્વર સાકાર છે અને નિરાકાર પણ છે. અને તે બન્નેના પર છે. બુદ્ધિ અને તત્ત્વજ્ઞાનના પર છે!" આત્માને સાક્ષાતકાર થયા પછી એ એની સામે પ્રગટ થાય છે. પોતાના ભક્તની પ્રસન્નતા માટે તે કોઈપણ સ્વરૂપ ધારણ કરે છે. તે અવર્ણનીય છે. તે પુસ્તકના પાનાઓમાં નથી મળતો અથવા મંદિરની દિવાલો વચ્ચે પણ નથી મળતો. શુ મૂર્તિપૂજા યોગ્ય કે અયોગ્ય? શ્રીરામકૃષ્ણને આવો પ્રશ્ન કરવો એ વ્યર્થ હતું. પૂજા ગમે તેની હો, ઈશ્વરદર્શનમાં મદદ કરે તે સાચી પૂજા. તીવ્ર ઈચ્છા એ એક જ જરૂરી વસ્તુ છે.

* * *

**ગુજરાતી જુનિયર (૫, ૬, ૭ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૨. શિકાગો ધર્મ પરિષદમાં

જ્યારે સ્વામી વિવેકાનંદ જુલાઈ ૧૮૯૩ના અંતમાં ધર્મ પરિષદમાં હાજરી આપવા માટે શિકાગો પહોંચ્યા, ત્યારે તેમને ઇન્ફોર્મેશન બ્યુરો (માહિતી કાર્યાલય) પાસેથી એ જાણીને ઘણો આઘાત લાગ્યો કે આ કાર્યક્રમ સપ્ટેમ્બર સુધી શરૂ થશે નહીં અને કોઈ પણ પ્રતિનિધિને કોઈ પ્રમાણભૂત (bona fide) સંસ્થાના યોગ્ય પ્રમાણપત્રો વિના પ્રવેશ આપવામાં આવશે નહીં. મદ્રાસમાં તેમના શિષ્યોએ તેમના અપાર ઉત્સાહ અને શ્રદ્ધામાં એવું માની લીધું હતું કે સ્વામીજીએ માત્ર ત્યાં ઉપસ્થિત થવાનું છે અને તેમને તક મળી જશે. સ્વામીજીએ પણ માર્ગમાં આવનારી મુશ્કેલીઓનો અંદાજ લગાવ્યો ન હતો, કારણ કે તેમને પૂરો વિશ્વાસ હતો કે તેઓ એક દૈવી અભિયાનની પૂર્તિ તરફ આગળ વધી રહ્યા છે.

સ્વામીજીને જણાયું કે શિકાગોમાં રહેવું ખૂબ મોંઘું હતું. તેમની પાસે પૂરતા પૈસા ન હોવાથી, તેઓ બોસ્ટન જવા નીકળ્યા, જ્યાં વસ્તુઓ સસ્તી હતી. રસ્તામાં, ટ્રેનમાં એક સમૃદ્ધ મુસાફર, મિસ કેથરિન એબોટ સેનબોર્ન, તેમના ભવ્ય વ્યક્તિત્વ અને આકર્ષક વાતચીતથી પ્રભાવિત થયા. જ્યારે તેમને અમેરિકા આવવાના તેમના હેતુ વિશે ખબર પડી, ત્યારે તેમનો રસ વધુ વધ્યો. તેમણે સ્વામીજીને તેમના ઘરે રહેવા માટે આમંત્રણ આપ્યું. આ આમંત્રણ સ્વામીજી માટે ઈશ્વરીય વરદાન સમાન હતું, તેમણે તરત જ સંમતિ આપી અને બોસ્ટન નજીક તેમના ગ્રામીણ ઘરમાં રહેવા ગયા.

મિસ સેનબોર્ન દ્વારા, સ્વામીજીનો પરિચય હાર્વર્ડ યુનિવર્સિટીનાં

ગ્રીકના પ્રોફેસર મિસ્ટર જે. એચ. રાઈટ સાથે થયો. સ્વામીજી સાથે ચાર કલાકની વાતચીત પછી, પ્રોફેસર તેમની વિદ્વતા અને બુદ્ધિમત્તાથી એટલા પ્રભાવિત થયા કે તેમણે ધર્મ પરિષદમાં એક પ્રતિનિધિ તરીકે તેમના પ્રવેશની વ્યવસ્થા કરવાની જવાબદારી પોતે જ ઉપાડી લીધી. તેમણે સ્વામીજીને કહ્યું "સમગ્ર રાષ્ટ્ર સમક્ષ તમારો પરિચય કરાવવાનો આ એકમાત્ર રસ્તો છે." સ્વામીજીએ પોતાની મુશ્કેલીઓ સ્પષ્ટ કરી હતી અને કહ્યું હતું કે તેમની પાસે કોઈ પ્રમાણપત્ર નથી તેના પર પ્રોફેસર રાઈટે કહ્યું, "સ્વામીજી, તમારી પાસે પ્રમાણપત્ર માંગવા એ સૂર્યને ચમકવાનો તેનો અધિકાર પૂછવા બરાબર છે." તેમણે તરત જ પ્રતિનિધિઓની ચયન સમિતિના અધ્યક્ષને લખ્યું: "અહીં એક એવો માણસ છે જે આપણા બધા પ્રોફેસરો કરતાં પણ વધુ વિદ્વાન છે." તેમણે સ્વામીજીને પૂર્વીય (Oriental) પ્રતિનિધિઓની દેખભાળ કરતી સમિતિ માટે પરિચય પત્ર પણ આપ્યો અને તેમના માટે શિકાગોની ટિકિટ પણ ખરીદી.

દુર્ભાગ્યે, જ્યારે સ્વામીજી ૯ સપ્ટેમ્બરે શિકાગો પહોંચ્યા, ત્યારે તેમને એ જોઈને આઘાત લાગ્યો કે તેમનાથી સમિતિનું સરનામું ક્યાંક ખોવાઈ ગયું હતું. તેમણે આવતા-જતા લોકો પાસેથી પૂછપરછ કરી, પરંતુ તે શહેરનો ઉત્તર-પૂર્વ ભાગ હતો જ્યાં મોટે ભાગે જર્મન લોકો રહેતા હતા, તેથી તેઓ સ્વામીજીની વાત સમજી શક્યા નહીં. સપ્ટેમ્બરની ઠંડી રાતની શરૂઆત થઈ રહી હતી. રેલ્વે યાર્ડમાં માલગાડીના ડબ્બામાં આશ્રય લેવા સિવાય સ્વામીજી પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. તેઓ થોડા સમયમાં જ તમામ ચિંતાઓમાંથી મુક્ત થઈ ગયા અને ભગવાન પર ભરોસો રાખીને ત્યાં જ સૂઈ ગયા.

સવારે સ્વામીજી સમિતિનો રસ્તો શોધવા નીકળ્યા. થોડા સમયમાં જ તેઓ શહેરના એક અમીર વિસ્તારમાં આવ્યા અત્યંત થાકેલા અને ભૂખ્યા હોવાને કારણે, તેમણે ભારતનાં એક સંન્યાસીની જેમ ઘરે-ઘરે જઈને મદદ માંગી તેમના મેલા કપડાં અને થાકેલો અવતાર જોઈને ઘરના નોકરોએ તેમની સાથે ઉદ્ધત વર્તન કર્યું, કેટલીકવાર તો તેમના મોં પર દરવાજો બંધ કરી દીધો. થોડા સમય પછી, થાકીને લોથપોથ થઈને પોતાને પ્રભુની ઈચ્છા પર છોડી દઈને તેઓ રસ્તાના કિનારે બેસી ગયા.

જ્યારે સ્વામીજી રસ્તાના કિનારે બેઠા હતા, ત્યારે તેમની બરાબર સામેના એક આલીશાન મકાનનો દરવાજો ખૂલ્યો અને રાજવી દેખાવવાળા એક મહિલા બહાર આવ્યા અને ખૂબ જ નમ્ર અવાજે સ્વામીજીને કહ્યું, "સર, શું તમે ધર્મ પરિષદના પ્રતિનિધિ છો?" સ્વામીજીએ તેમને પોતાની મુશ્કેલીઓ વિશે જણાવ્યું તેમણે તરત જ સ્વામીજીને પોતાના ઘરમાં આમંત્રિત કર્યા અને તેમની તાત્કાલિક જરૂરિયાતો પૂરી કરી પછીથી, જ્યારે સ્વામીજીએ ભોજન લીધું અને આરામ કર્યો, ત્યારે તેઓ તેમને ધર્મ પરિષદનાં કાર્યાલયમાં લઈ ગયા. સ્વામીજીને ખુશીથી પ્રતિનિધિ તરીકે સ્વીકારવામાં આવ્યા અને અન્ય પૂર્વીય મહેમાનો સાથે રાખવામાં આવ્યા. તેમના રક્ષક મિસીસ જ્યોર્જ ડબલ્યુ હેલ હતા. તેઓ અને તેમના બાળકો સ્વામીજીના સૌથી પાકા મિત્રો બન્યા.

હવે સ્વામીજીમાં એક નવી ઉર્જાનો સંચાર થયો હતો. તેમને પૂરો વિશ્વાસ થઈ ગયો હતો કે પ્રભુ તેમની સાથે છે. સ્વામીજીનો સમય પ્રાર્થના, ધ્યાન અને એવી તીવ્ર વ્યાકુળતામાં વ્યતીત થયો કે તેઓ ઈશ્વરના સાચા સાધન, હિંદુ ધર્મના સાચા પ્રવક્તા અને પોતાના ગુરુદેવના સંદેશના સાચા વાહક બને.

ધર્મ પરિષદ એ 'વર્લ્ડ્સ કોલંબિયન એક્સ્પોઝિશન'નો એક ભાગ હતી, જે ક્રિસ્ટોફર કોલંબસ દ્વારા અમેરિકાની શોધની ૪૦૦મી વર્ષગાંઠની ઉજવણી માટે ૧૮૯૩માં શિકાગોમાં યોજાઈ હતી. પરિષદના કેટલાક જાહેર કરાયેલા ઉદ્દેશ્યોમાં-વિશ્વના વિવિધ ધર્મો દ્વારા સમાન રીતે શીખવવામાં આવતા મહત્વના સત્યો રજૂ કરવા અને વિશ્વના દેશો વચ્ચે વધુ મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કરવાનો હતો. પરંતુ ઘણા લોકોએ એવું વિચાર્યું અને આશા રાખી હતી કે આ પરિષદ અન્યો પર તેમના પોતાના ધર્મની શ્રેષ્ઠતા સાબિત કરશે. જો કે, દૈવી યોજના દ્વારા, તમામ ધર્મોની માન્યતા આખરે પરિષદનો મુખ્ય સૂર બની ગઈ અને સ્વામી વિવેકાનંદ તે કેન્દ્રીય વિષયના સૌથી પ્રભાવશાળી અને ઓજસ્વી પ્રવક્તા બન્યા.

સંસદનું પ્રથમ સત્ર સોમવાર, ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩ના રોજ આર્ટ ઇન્સ્ટિટ્યૂટના વિશાળ સભાગૃહમાં યોજાયું હતું. સભાગૃહ, યુનાઈટેડ

સ્ટેટ્સની શ્રેષ્ઠ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરનારા ૪૦૦૦થી વધુ પુરુષો અને મહિલાઓથી ચિક્કાર ભરેલું હતું.

બૌદ્ધ, ખ્રિસ્તી, કન્ફ્યુશિયસ, હિન્દુ, જૈન, યહૂદી, ઇસ્લામ, શિન્ટો, બ્રાહ્મો સમાજ અને પારસી ધર્મ-તમામ સંગઠિત ધર્મોના પ્રતિનિધિઓ ત્યાં હાજર હતા. અને તેમની વચ્ચે સ્વામી વિવેકાનંદ મૌન પ્રાર્થનામાં લીન હતા, અને તેમની પ્રભાવશાળી ઉપસ્થિતિથી શ્રોતાઓનું ધ્યાન આકર્ષિત કરી રહ્યા હતા.

પરિષદની શરૂઆત એક પ્રાર્થના સાથે થઈ, જે પછી અધ્યક્ષ, રેવરેન્ડ જે. એચ. બેરોઝે એક પછી એક પ્રતિનિધિઓનો પરિચય કરાવ્યો, જેમણે પછી પોતાના તૈયાર કરેલા ભાષણો વાંચ્યા. પરંતુ સ્વામીજી પાસે આવું કોઈ લેખિત ભાષણ નહોતું અને તેમણે આ પહેલા ક્યારેય આટલી મોટી સભાને સંબોધિત કરી નહોતી. તેઓ સવારના સત્રમાં બોલ્યા નહીં પરંતુ અધ્યક્ષના આમંત્રણને ટાળતા રહ્યા.

બપોરના સત્રમાં, જ્યારે તેઓ પોતાનો વારો વધુ ટાળી શક્યા નહીં, ત્યારે સ્વામીજી મંચ પર આવ્યા. તેમનો ચહેરો અગ્નિની જેમ ચમકી રહ્યો હતો. જ્ઞાનની દેવી સરસ્વતી માતાને મનમાં નમન કરીને તેમણે બોલવાનું શરૂ કર્યું. જેવા તેમણે સભાને ‘અમેરિકાના બહેનો અને ભાઈઓ’ કહીને સંબોધ્યા શ્રોતાઓમાં ઉત્સાહનું એક મોટું મોજું ફરી વળ્યું. લોકો જાણે પાગલ થઈ ગયા હોય તેમ તાળીઓના ગડગડાટ સાથે પોતાના સ્થાને ઊભા થઈ ગયા. દરેક વ્યક્તિ બસ દાદ આપી રહી હતી, ઉત્સાહ વધારી રહી હતી અને પ્રશંસા કરી રહી હતી!!! સ્વામીજી આશ્ચર્યચકિત થઈ ગયા. પૂરી બે મિનિટ સુધી તેમણે બોલવાનો પ્રયત્ન કર્યો, પરંતુ શ્રોતાઓના ભારે ઉત્સાહે તેમને બોલવા ન દીધા. અન્ય લોકોએ તેમને પરંપરાગત રીતે સંબોધ્યા હતા, પરંતુ સ્વામીજીએ ઔપચારિકતા છોડીને અને લોકો વચ્ચેના પોતાનાપણા પર ભાર મૂકીને તેમના હૃદયના સૌથી ઊંડા તારને સ્પર્શ કર્યો હતો. તાળીઓ બંધ થયા પછી તેમણે ટૂંકું ભાષણ આપ્યું.

જ્યારે સ્વામીજી ભાષણ પૂરું કરીને બેઠા, ત્યારે તેઓ ભાવનાઓથી

ભરાઈ ગયા હતા; તે પછી ફરી એકવાર તાળીઓનો ભારે ગડગડાટ થયો. બીજા દિવસે તમામ અખબારોએ પરિષદના સૌથી મહાન વ્યક્તિત્વ અને સર્વશ્રેષ્ઠ વક્તા તરીકે તેમની પ્રશંસા કરી. એક અજ્ઞાત યુવાન સંન્યાસી સમગ્ર યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં પ્રખ્યાત થઈ ગયા. શિકાગોમાં એક રસ્તાના કિનારે તેમના આદમકદના ચિત્રો લગાવવામાં આવ્યા, જેની નીચે તેમનું નામ લખેલું હતું. ઠેકઠેકાણે ઘણા લોકો ઝૂકેલા મસ્તક સાથે તેમના પ્રત્યે શ્રદ્ધા પ્રગટ કરી રહ્યાં હતાં.

ત્યારબાદ પરિષદમાં પોતાના ભાષણોમાં, સ્વામી વિવેકાનંદે તમામ ધર્મોની માન્યતા અને તેમના સુમેળના વિચાર પર વારંવાર ભાર મૂક્યો. તેમણે દરેક વ્યક્તિને પોતાની વ્યક્તિગત ઓળખ જાળવી રાખવા અને સાથે જ અન્યના ધર્મોની સારી બાબતો તથા તેમની મૂળ ભાવનાને શીખવા અને આત્મસાત કરવા આવાહન કર્યું.

૨૭ સપ્ટેમ્બર ૧૮૯૩ના રોજ પરિષદના અંતિમ સત્રમાં પોતાના સંબોધનમાં, સ્વામીજીએ વિશ્વ શાંતિ અને એકતાને પ્રોત્સાહન આપવા માટે આવા ભવ્ય અને શાનદાર કાર્યક્રમનું સફળ આયોજન કરવા બદલ આયોજકોનો આભાર માન્યો અને તેમને અભિનંદન આપ્યા.

છેલ્લે સ્વામીજીએ સમાપન કરતા કહ્યું.

વિશ્વધર્મ પરિષદે જગતને જો કાંઈ આપ્યું હોય તો તે આ છે : પવિત્રતા, શુદ્ધિ અને દયા એ જગતના કોઈ એકાદ ધર્મનો સુવાંગ ઈજારો નથી. દરેક ધર્મે ખૂબ જ ઉચ્ચ ચારિત્ર્યવાળાં સ્ત્રી અને પુરુષો આપ્યાં છે. આ બધો પુરાવો હોવા છતાં પણ જો કોઈ પોતાનો જ ધર્મ સુવાંગ જીવે અને અન્ય ધર્મ નાશ પામે એવું સ્વપ્ન સેવતો હોય, તો મારા હૃદયના ઊંડાણમાંથી એવા પર મને દયા આવે છે. હું એવાને કહું છું કે, ગમે એટલો સામનો કરવામાં આવે છતાં પણ દરેક ધર્મના ધ્વજ પર સત્વરે આ પ્રમાણે લખાશે : ‘સહાય; પરસ્પર વેર નહીં.’ ‘સમન્વય; વિનાશ નહીં.’ ‘સંવાદિતા અને શાંતિ; કલહ નહીં.’

* * *

**ગુજરાતી જુનિયર (૫, ૬, ૭ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૩. સાચી ઉપાસના

એક દિવસ સ્વામીજી રામેશ્વર મંદિરમાં દર્શન કરવા ગયા હતા. ત્યાં એકઠા થયેલા જનસમૂહને થોડાએક શબ્દો કહેવાની તેમને વિનંતી કરવામાં આવી હતી. તેમના એ પ્રવચનનો સાર નીચ મુજબ છે :

ધર્મ પ્રેમમાં રહ્યો છે, અનુષ્ઠાનોમાં નહીં. હૃદયના વિશુદ્ધ અને નિખાલસ પ્રેમમાં ધર્મ રહ્યો છે. જ્યાં સુધી માણસ શરીર અને મનથી પવિત્ર ન હોય, ત્યાં સુધી તેનું મંદિરમાં જવું અને શિવની ઉપાસના કરવી નકામી છે. જેઓ શરીર અને મનથી પવિત્ર છે તેમની પ્રાર્થના ભગવાન શિવ સાંભળે છે; પણ જેઓ પોતે અપવિત્ર હોવા છતાં બીજાને ધર્મ ઉપદેશવા જાય છે, તેઓ આખરે નિષ્ફળ નીવડે છે. બાહ્ય ઉપાસના એ આંતર ઉપાસનાનું એક પ્રતીક માત્ર છે; આંતર ઉપાસના અને પવિત્રતા એજ સાચી વસ્તુ છે. એ વિના બાહ્ય ઉપાસનાનો કશો જ ઉપયોગ નથી. એટલા માટે, તમારે સૌએ આ યાદ રાખવા પ્રયત્ન કરવો.

આ કળિયુગમાં લોકોની એટલી બધી અધોગતિ થઈ છે કે તેઓ ગમે તેવું વર્તન કરે, અને પછી કોઈ તીર્થધામમાં જાય તો તેમના બધાં પાપ ધોવાઈ જશે એમ તેઓ માને છે. જો કોઈ માણસ અપવિત્ર મન સાથે મંદિરમાં જાય, તો તેથી તેના જૂના પાપોમાં ઉમેરો થાય છે, અને ઘરેથી નીકળ્યો હતો તેના કરતાં વધુ ખરાબ માણસ તરીકે તે ઘરે પાછો ફરે છે. તીર્થ એક એવું સ્થળ છે કે જ્યાં પવિત્ર વસ્તુઓ હોય;

અનેક પવિત્ર લોકો વસતા હોય. પરંતુ જ્યાં પવિત્ર લોકો વસતા હોય ત્યાં મંદિર ન હોય તોપણ તે સ્થળ તીર્થ બની જાય છે. વળી જ્યાં સેંકડો મંદિર હોવા છતાં જો અપવિત્ર લોકો ત્યાં રહેતા હોય, તો તે સ્થળેથી તીર્થ અર્દશ્ય થઈ જાય છે. તીર્થવાસ બહુ કઠિન છે, કેમકે અન્ય સ્થળે જે પાપ થાય તે તો સહેલાઈથી દૂર કરી શકાય છે, પરંતુ તીર્થક્ષેત્રમાં કરેલું પાપ કદી દુર કરી શકાતું નથી.

તમામ પૂજા ઉપાસનાનો સાર આ છે : પવિત્ર થવું અને બીજાનું કલ્યાણ કરવું. જે મનુષ્ય દીન-દુખિયાઓમાં, નિર્બળોમાં અને રોગીઓમાં ભગવાન શિવનાં દર્શન કરે છે, તે સાચેસાચ શિવની ઉપાસના કરે છે! પણ જો તે કેવળ મૂર્તિમાં જ ભગવાન શિવનું દર્શન કરે તો તેની ઉપાસના હજુ પ્રાથમિક ભૂમિકામાં છે. જે મનુષ્ય ભગવાન શિવને કેવળ મંદિરોમાં જ જુએ છે તેના કરતાં જે મનુષ્ય દીનદુખિયાંમાં તેમનાં દર્શન કરે છે અને નાતજાત વગેરેના વિચાર કર્યા વગર તેમની સેવા કરે છે, તેની ઉપર ભગવાન શિવ વધું પ્રસન્ન થાય થાય છે.

જુદા જુદા પ્રસંગોમાં, ''શિવ ભાવે જીવ સેવા.'' આ વિષય પર આપેલા ભાષણોમાં સ્વામીજીએ કહ્યું...

આપણે જગતનું ભલું શા માટે કરવું જોઈએ? દેખીતી રીતે જગતને મદદ કરવા માટે, પણ વાસ્તવમાં પોતાની મદદ કરવા માટે. કોઈ ઉચ્ચ આસન પર ઊભા રહીને તમારા હાથમાં પાંચ પૈસા લઈને એમ ન કહો, 'લે, ઓ મારા ગરીબ માણસ,' પરંતુ તે ગરીબ માણસ ત્યાં હાજર છે તે માટે કૃતજ્ઞ બનો, જેથી તેને દાન આપીને તમે પોતાને મદદ કરવા સક્ષમ બન્યા છો. ધન્યતા મેળવનાર સ્વીકારનાર નથી, પણ આપનાર છે. પ્રભુના આભારી બનો કે તમને દુનિયામાં તમારી પરોપકાર અને દયાની શક્તિનો ઉપયોગ કરવાની તક મળી, અને આ રીતે તમે પવિત્ર અને પૂર્ણ બની શકો.

તમામ કલ્યાણ અને તમામ નૈતિક સદ્‌ગુણોનો પાયાનો મંત્ર ‘હું’ નહીં પણ ‘તું’ છે. સ્વર્ગ કે નરક છે કે નહીં તેની કોને પડી છે?

આત્મા છે કે નહીં તેની કોને પરવા છે? કોઈ અપરિવર્તનશીલ તત્વ છે કે નહીં તેની કોને ચિંતા છે? આ રહ્યું આપણી સામે જગત, અને તે દુઃખથી ભરેલું છે. બુદ્ધની જેમ તેમાંથી બહાર નીકળો, અને તેને ઓછું કરવા માટે સંઘર્ષ કરો અથવા તે પ્રયત્ન કરતા કરતા મરી ફીટો. તમારી જાતને ભૂલી જાઓ; આ શીખવાનો પ્રથમ પાઠ છે, પછી ભલે તમે આસ્તિક હો કે નાસ્તિક, અજ્ઞેયવાદી હો કે વેદાંતી, ખ્રિસ્તી હો કે મોહમ્મદન (મુસ્લિમ).

બુદ્ધ એકમાત્ર એવા પયગંબર હતા જેમણે કહ્યું હતું કે, 'મને ઈશ્વર વિશેના તમારા વિવિધ સિદ્ધાંતો જાણવામાં કોઈ રસ નથી. આત્મા વિશેના આ તમામ સૂક્ષ્મ સિદ્ધાંતોની ચર્ચા કરવાનો શો ફાયદો? સારું કરો અને સારા બનો. અને તમને મુક્તિ તરફ અને જે કંઈ સત્ય છે તે તરફ લઈ જશે.' ...શ્રેષ્ઠ કાર્ય તે જ કરે છે જે કોઈપણ સ્વાર્થ કે હેતુ વિના કામ કરે છે — ના તો પૈસા માટે, ના કીર્તિ માટે, કે ના અન્ય કોઈ વસ્તુ માટે સ્વાર્થ એ મુખ્ય પાપ છે, જેમાં આપણે આપણી જાતનો વિચાર પહેલા કરીએ છીએ. જે વ્યક્તિ એવું વિચારે છે કે, 'હું પહેલા ખાઈશ, મારી પાસે બીજા કરતાં વધુ પૈસા હશે, અને બધું મારું જ હશે,' જે એવું વિચારે છે કે, 'હું બીજાઓ પહેલાં સ્વર્ગમાં જઈશ, હું બીજાઓ પહેલાં મુક્તિ મેળવીશ', તે સ્વાર્થી માણસ છે. નિઃસ્વાર્થ માણસ કહે છે, 'હું છેલ્લો રહીશ, મને સ્વર્ગમાં જવાની કોઈ પરવા નથી, જો તેમ કરવાથી હું મારા ભાઈઓને મદદ કરી શકું તો હું નરકમાં પણ જવા તૈયાર છું.' આ નિઃસ્વાર્થતા એ ધર્મની કસોટી છે. જેનામાં આ નિઃસ્વાર્થતા વધુ છે, તે વધુ આધ્યાત્મિક છે અને શિવની વધુ નજીક છે.

તમે કોઈને મદદ કરી શકતા નથી, તમે માત્ર સેવા કરી શકો છો: જો તમને લહાવો મળ્યો હોય તો પ્રભુના સંતાનોની સેવા કરો, સ્વયં પ્રભુની સેવા કરો. જો ભગવાને તમને તેના કોઈપણ સંતાનની સેવા કરવાની તક આપી હોય, તો તમે ધન્ય છો; તમારી જાતને બહુ મોટી ન સમજો. તમે ધન્ય છો કે તમને તે લહાવો મળ્યો જ્યારે

બીજાને ન મળ્યો. તેને માત્ર એક પૂજા સમજીને કરો.

આપણે ધન્ય છીએ કે આપણને તેમના માટે કામ કરવાનો લહાવો મળ્યો છે, તેમને મદદ કરવાનો નહીં. તમારા મગજમાંથી આ 'મદદ' શબ્દ કાઢી નાખો. તમે મદદ કરી શકતા નથી; એ તો ઈશ્વરની નિંદા સમાન છે. તમે અહીં પોતે - તેમની ઈચ્છાથી છો. શું તમારો કહેવાનો અર્થ એવો છે કે તમે તેમને મદદ કરો છો? તમે તો પૂજા કરો છો. જ્યારે તમે કૂતરાને રોટલીનો ટુકડો આપો છો, ત્યારે તમે કૂતરાની ભગવાન તરીકે પૂજા કરો છો. ભગવાન તે કૂતરામાં છે. તે સર્વમાં અને સર્વસ્વ છે.

આટલી બધી તપસ્યા પછી, હું આ વાતને વાસ્તવિક સત્ય તરીકે સમજ્યો છું — ભગવાન દરેક જીવમાં હાજર છે; તેના સિવાય બીજો કોઈ ભગવાન નથી. જે જીવની સેવા કરે છે, તે ખરેખર શિવની (ભગવાનની) સેવા કરે છે.

જો નરક સમાન આ દુનિયામાં કોઈ વ્યક્તિ માત્ર એક દિવસ માટે પણ કોઈ એક વ્યક્તિના હૃદયમાં થોડો આનંદ અને શાંતિ લાવી શકે, તો તેટલું જ માત્ર સત્ય છે; આ મેં આખી જિંદગી દુઃખ ભોગવ્યા પછી શીખ્યું છે; બાકીનું બધું માત્ર ભ્રમ છે.

આ જ બધી પૂજાનો સાર છે—પવિત્ર રહેવું અને અન્યોનું ભલું કરવું. જે વ્યક્તિ ગરીબમાં, નબળામાં અને રોગીમાં શિવને જુએ છે, તે જ સાચી રીતે શિવની પૂજા કરે છે; અને જો તે શિવને માત્ર મૂર્તિમાં જ જુએ છે, તો તેની પૂજા માત્ર પ્રાથમિક સ્તરની છે.

'સજ્જનો માત્ર બીજા માટે જ જીવે છે. જ્ઞાની માણસે અન્યો માટે પોતાનું બલિદાન આપવું જોઈએ'. હું તમારું ભલું કરીને જ મારું પોતાનું ભલું સુરક્ષિત કરી શકું છું. બીજો કોઈ રસ્તો નથી, બિલકુલ નથી.

ગામેગામ જાઓ, માનવતાનું અને સમગ્ર વિશ્વનું ભલું કરો. બીજાના ઉદ્ધાર માટે ભલે તમારે નરકમાં જવું પડે. જ્યારે મૃત્યુ એટલું

જ નિશ્ચિત છે, ત્યારે કોઈ સારા કાર્ય માટે મરવું વધુ સારું છે.'

જગતના ઇતિહાસમાં તમે જોશો કે મહાન પુરુષો મહાન બલિદાન આપે છે અને માનવજાત તેનો લાભ મેળવે છે. જો તમે તમારા પોતાના મોક્ષ માટે બધું છોડી દેવા માંગતા હો, તો તે કંઈ નથી. શું તમે જગતના ભલા માટે તમારા પોતાના મોક્ષનો પણ ત્યાગ કરવા તૈયાર છો?

એક લાખ સ્ત્રી-પુરુષો, જેઓ પવિત્રતાના ઉત્સાહથી પ્રજ્વલિત થઈ, પ્રભુમાં અતૂટ શ્રદ્ધાથી સજ્જ થઈ અને ગરીબો, પતિતો અને દલિતો પ્રત્યેની સહાનુભૂતિથી સિંહ જેવી હિંમત ધરાવીને દેશના ખૂણે-ખૂણે જશે અને મુક્તિનો સંદેશ, મદદનો સંદેશ, સામાજિક ઉત્થાનનો સંદેશ—એટલે કે સમાનતાનો સંદેશ આપશે.

હું તમને સૌથી પહેલી સલાહ આપીશ કે તમારા ઓરડીના તમામ દરવાજા અને બારીઓ ખોલી નાખો તમારા વિસ્તારમાં ઘણા ગરીબ લોકો અધોગતિ અને કષ્ટમાં ડૂબેલા છે. તમારે તેમની પાસે જવું પડશે અને તમારા પૂરા ઉત્સાહ અને ઉમંગથી તેમની સેવા કરવી પડશે. જેઓ બીમાર છે તેમને દવાઓ વહેંચવાની વ્યવસ્થા કરો, અને પૂરી કાળજીથી તેમની સારવાર કરો, જે ભૂખ્યા છે તેને અન્ન આપો, જે અજ્ઞાની છે તેને તમારાથી બનતી તમામ શક્તિથી ભણાવો; અને જો તમે આ રીતે તમારા ભાઈઓની સેવા કરવાનું શરૂ કરશો, તો હું તમને કહું છું, મારા બાળક, તમને ચોક્કસ શાંતિ અને સાંત્વના મળશે.

પ્રભુમાં વિશ્વાસ રાખો; કોઈ પ્રપંચ કે નીતિ કામ નહીં આવે, તે કંઈ નથી. દુઃખીઓ માટે સંવેદના અનુભવો અને મદદ માટે ઉપર જુઓ—તે ચોક્કસ આવશે. હું કદાચ આ દેશમાં ઠંડી કે ભૂખથી મરી જાઉં, પણ હું તમને, હે યુવાનો, આ સહાનુભૂતિ, ગરીબો, અજ્ઞાનીઓ અને પીડિતો માટેનો આ સંઘર્ષ વારસામાં આપું છું. ...તો પછી, દરરોજ પતન તરફ જઈ રહેલા આ ત્રીસ કરોડ લોકોના ઉદ્ધારના કાર્યમાં તમારું સમગ્ર જીવન સમર્પિત કરવાની પ્રતિજ્ઞા લો.

* * *

**ગુજરાતી સિનિયર (૮, ૯, ૧૦ વર્ગ)**
**અગત્યની સૂચના :**

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૧. શ્રી રામકૃષ્ણ અને તેમનું જીવનકાર્ય-સ્વામી વિવેકાનંદ

અમારા દેશમાં સૌથી અધિક આદર તથા સન્માન ગુરુને આપવામાં આવે છે; અમારી એવી શ્રદ્ધા હોય છે કે ગુરુ સાક્ષાત્ ઈશ્વર જ છે. એટલો આદરભાવ અમારા માતાપિતા માટે પણ અમને નથી હોતો. માતાપિતા તો આપણને માત્ર જન્મ જ આપે છે, પરંતુ ગુરુ આપણને મુક્તિનો માર્ગ દેખાડે છે. આપણે ગુરુનાં જ સંતાન છીએ, એમના માનસપુત્રો છીએ. કોઈ અસાધારણ મહાપુરુષ પાસે હજારોની સંખ્યામાં હિન્દુઓ એકઠા થાય છે અને દર્શન માટે ચોમેર ભીડ જમાવે છે.

મારા ગુરુદેવ શ્રી રામકૃષ્ણ પરમહંસ પણ એક એવા જ મહાપુરુષ હતા પરંતુ તેમને તો ખ્યાલ પણ ન હતો કે પોતાને માન અને પ્રતિષ્ઠા મળવાં જોઈએ; તેમને જરા જેટલો પણ ખ્યાલ ન હતો કે તેઓ એક મોટા ગુરુ છે. તેમને તો એમ જ હતું કે જે કંઈ થઈ રહ્યું છે તે બધું જગન્માતા જ કરાવી રહી છે, પોતે કંઈ જ કરતા નથી. તેઓ સદા એમ જ કહેતા : “જો મારા મુખમાંથી કોઈ સારી વાત નીકળતી હોય તો તે જગદંબાના જ શબ્દો છે, હું પોતે કંઈ કહેતો નથી.” પોતાના દરેક કાર્યના સંબંધમાં તેમને આવો જ વિચાર આવતો અને પોતાની મહાસમાધિ સુધી તેમની આ ભાવના અચળ રહી.

મારા ગુરુદેવ કોઈ શિષ્યોને શોધવા ગયા નહોતા. તેમનો સિદ્ધાંત હતો કે મનુષ્યે પહેલાં ચારિત્ર્યવાન બનવું જોઈએ તથા આત્મજ્ઞાન મેળવવું જોઈએ; ફળ તે પછી આપોઆપ મળી જાય છે. તેઓ હંમેશા આ દૃષ્ટાંત

આપ્યા કરતા: "કમળ ખીલે છે કે તરત જ મધમાખીઓ મધ લેવા સ્વયં તેની પાસે હાજર થાય છે; એ જ રીતે જ્યારે તમારું ચારિત્ર્યરૂપી કમળ પૂરેપૂરુ ખીલી ઊઠશે ત્યારે ફળ આપોઆપ જ તમને મળી જશે." આપણા બધાંને માટે આ એક બહુ મોટો ઉપદેશ છે. મારા ગુરુદેવે આ ઉપદેશ મને સેંકડો વાર આપ્યો છે, પરંતુ તેમ છતાં હું વારંવાર એ ભૂલી જાઉં છું.

વિચારોની અદ્ભુત શક્તિને ઘણાં થોડા લોકો સમજે છે. જો કોઈ મનુષ્ય કોઈ ગુફામાં બેસીને પોતાની જાતને પૂરી દઈને એકાંતમાં નિરંતર એકાગ્ર ચિત્તે કોઈ ગહન તથા ઉદાત્ત વિષય પર મનન કરતો રહે, અને એ જ દશામાં પોતાના પ્રાણ તજી દે, તો તેના એ વિચારોના તરંગો ગુફાની દીવાલોને ભેદીને ચારે તરફના વાતાવરણમાં ફેલાઈ જાય છે, અને છેવટે આખીયે મનુષ્યજાતિમાં તે પ્રવેશે છે. વિચારોની આવી અદ્ભુત શક્તિ છે. માટે પોતાના વિચારોનો બીજાઓમાં પ્રચાર કરવા માટે ઉતાવળ કરવાની જરૂર નથી. પહેલાં આપણે બીજાને કંઈ આપી શકીએ એવી યોગ્યતા મેળવવી જોઈએ. જેની પાસે આપવાનું કંઈક પણ છે, તે જ જ્ઞાનનો પ્રચાર કરી શકે.

પ્રથમ આપણે ચારિત્ર્યવાન થવું જોઈએ; સૌની સમક્ષ સૌથી મોટું કર્તવ્ય એ જ છે. સત્યનું જ્ઞાન પહેલાં તમને પોતાને હોવું જોઈએ અને તે પછી જ તમે તે બીજા અનેકને શીખવી શકો, બલકે એ લોકો પોતે જ તે શીખવા આવશે. મારા ગુરુદેવની આ જ શૈલી હતી. તેમણે કદી કોઈ બીજાની ટીકા કરી નથી. હું વર્ષો સુધી તેમની સાથે રહ્યો છું, પરંતુ તેમને મુખે કદી કોઈ બીજા સંપ્રદાયની નિંદા મેં સાંભળી નથી. બધા સંપ્રદાયો પ્રત્યે તેમનો સમાન સદ્ભાવ હતો; અને એ બધામાંનો સમન્વય ભાવ તેમણે શોધી કાઢ્યો હતો.

મનુષ્ય જ્ઞાનમાર્ગી, ભક્તિમાર્ગી, યોગમાર્ગી અથવા કર્મમાર્ગી હોઈ શકે છે. જુદા જુદા ધર્મોમાં, આ વિભિન્ન ભાવોમાંથી કોઈ ને કોઈ એક ભાવનું પ્રાધાન્ય જોવામાં આવે છે. જોકે આ ચારે ભાવોનો વિકાસ એક જ મનુષ્યમાં જોવામાં આવે એવું પણ બને. તેમણે કોઈને ખરાબ કહ્યા નથી; ઊલટું બધામાં સારાપણું જ જોયું છે.

એ અપૂર્વ મહાપુરુષનાં દર્શને તથા તેમનો ઉપદેશ સાંભળવા માટે હજારો મનુષ્યો આવતા અને મારા ગુરુદેવ જોકે હંમેશા ગામઠી ભાષામાં જ વાતો કરતા હતા, પરંતુ તેમનો દરેક શબ્દ ઓજસ્વી અને બોધથી ભરેલો હતો. ખરું તો એ છે કે શબ્દો અને ભાષા અત્યંત ગૌણ છે; વક્તાનું વ્યક્તિત્વ જ તેનો પ્રાણ છે, એ જ તેમાં શક્તિ ભરી દે છે. આનો અનુભવ આપણને કયારેક કયારેક થાય છે.

આપણે ઘણીયે વાર અત્યંત ઊંડા પ્રકારનું અને તર્કશુદ્ધ અદ્‌ભુત વ્યાખ્યાન સાંભળીએ છીએ, પરંતુ ઘેર પહોંચીએ એટલે તરત એ બધું ભૂલી જઇએ છીએ. જ્યારે કેટલીક વાર આપણે થોડાક શબ્દો જ સાંભળીએ છીએ અને તે પણ અત્યંત સાધારણ ભાષામાં, છતાં તે હૃદયમાં સોંસરવા ઊતરી જાય છે, અને આપણા જીવનમાં એકરૂપ થઈ જઈને આપણા ઉપર કાયમનો પ્રભાવ પાડે છે.

મેં આ મહાપુરુષ વિશે સાંભળ્યું અને તેમનો ઉપદેશ સાંભળવા હું તેમની પાસે ગયો. મારા ગુરુદેવ એક સાવ સામાન્ય મનુષ્ય જેવા દેખાતા. તેમનામાં કાંઈ વિશેષતા હોય એવું લાગતું નહોતું. તેઓ બહુ જ સાદી ભાષાનો ઉપયોગ કરતા. એ વખતે મને આશ્ચર્ય થતું કે "શું આ પુરુષ ખરેખર મહાજ્ઞાની છે?" હું ધીમેથી તેમની પાસે ગયો અને જે પ્રશ્ન બીજાઓને હંમેશા પૂછ્યા કરતો તે મેં એમને પણ પૂછયો : — "મહાશય! શું તમે ઈશ્વરને જોયા છે?" તેમણે ઉતર આપ્યો : "હા!" મેં કહ્યું: "શું આપ એ સિદ્ધ કરી આપી શકશો?" તેમણે તરત જવાબ આપ્યો: "હા" મેં વળી પૂછયું: "કેવી રીતે?" તેમણે કહ્યું : "જેમ હું તને અહીં જોઈ રહ્યો છું, હું તે જ રીતે ઈશ્વરને પણ જોઉ છું. વાસ્તવમાં તેના કરતાં પણ વધારે સ્પષ્ટપણે હું તેને જોઈ શકું છું." આ જવાબની મારા મન પર એ જ વખતે ભારે અસર થઈ, કેમ કે જિંદગીમાં પહેલી જ વાર મને એવો મનુષ્ય મળ્યો હતો કે જેણે તરત જ એમ કહી દીધું કે મેં ઈશ્વરને જોયો -- છે; જેણે એ પણ બતાવ્યું કે ધર્મ એક વાસ્તવિક સત્ય છે, તથા જે રીતે આપણે ઈન્દ્રિયો દ્વારા જગતનો અનુભવ કરીએ છીએ, તેનાથી કેટલાય વધારે પ્રમાણમાં ઈશ્વરનો અનુભવ કરી શકાય છે. હું તેમની પાસે દિનપ્રતિદિન જવા લાગ્યો. મેં એ પણ પ્રત્યક્ષ અનુભવ્યું

કે ધર્મ પણ બીજાને 'આપી' શકાય છે; કેવળ એક જ સ્પર્શ કે દૃષ્ટિ આખાયે જીવનને પલટી નાખી શકે છે.

મહાત્મા બુદ્ધ, જિસસ ક્રાઈસ્ટ તથા હજરત મહંમદ વિશે તેમ જ જૂના વખતનાં બીજા મહાત્માઓના સંબંધમા મેં એવું વાચ્યું છે કે તેઓ કોઈ પણ મનુષ્યની સન્મુખ ઊભા રહીને કહી દેતા હતા, તું પૂર્ણતઃ સ્વસ્થ થઈ જા." અને તે મનુષ્ય તત્કાળ પૂર્ણ સ્વસ્થ થઈ જતો. એ વાત હવે મને સાચી લાગવા માંડી. મેં આ મહાપુરુષનાં દર્શન કર્યાં એટલે મારા સકળ સંદેહ દૂર થઈ ગયા. ધર્મ વાતો કરવાની ચીજ નથી; તે સાંપ્રદાયિકતા નથી કે અમુક મતવાદ નથી. ધર્મ કોઈ સંપ્રદાય અથવા સંસ્થામાં બંધાઈને રહી શકે નહીં; એ તો આત્માની સાથે પરમાત્માનો સંબંધ છે, અને તેથી જ કોઈ એક સંસ્થામાં કે સંઘમાં ગોંધાઈને તે કેવી રીતે રહી શકે? એમ થવાથી તો ધર્મ એક વ્યવસાય—એક વેપાર બની જાય છે; અને જ્યારે એમ થાય છે ત્યારે ધર્મનો લોપ થઈ જાય છે.

મારા ગુરુદેવ પાસેથી એક બીજું મહત્ત્વપૂર્ણ અને આશ્ચર્યજનક સત્ય હું જે શીખ્યો છું, તે એ છે કે વિશ્વમાં જેટલા ધર્મો છે તેમાંથી એકેય પરસ્પર વિરોધી અથવા એકબીજાના વેરી નથી; એ બધા એક જ શાશ્વત ધર્મના ભિન્ન ભિન્ન પાસાંઓ છે. એ જ ધર્મ ભિન્ન ભિન્ન પ્રકારની જીવનકક્ષાઓને લાગુ કરાયેલ છે, ભિન્ન ભિન્ન માનસ અને ભિન્ન ભિન્ન જાતિઓની વિચારકક્ષાઓને લાગુ કરાયેલ છે. મારો ધર્મ અથવા તમારો ધર્મ, મારો રાષ્ટ્રીય ધર્મ અને તમારો રાષ્ટ્રીય ધર્મ અથવા તો વિવિધ પ્રકારના અલગ અલગ ધર્મો, આવું ખરી રીતે કદી હતું જ નહીં. સંસારમાં કેવળ એક જ ધર્મ છે; અનંત કાળથી એક જ ધર્મ ચાલ્યો આવે છે અને એ જ નિત્ય રહેશે. તથા આ એક જ ધર્મ ભિન્ન ભિન્ન દેશોમાં ભિન્ન ભિન્ન ભાવે પ્રકટ થાય છે. તેથી આપણે બધા ધર્મોને માન આપવું જોઈએ અને બને ત્યાં સુધી એ બધાને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ પણ માણસની શ્રદ્ધાનો નાશ કરવાનો પ્રયત્ન કરતા નહીં. બને તો જે કંઈ વધારે સારું હોય તે તેને બતાવો; બને તો જે કક્ષાએ તે

હોય ત્યાંથી સહાય આપીને તેને ઉપર ઉઠાવો. પરંતુ જે સ્થાને તે હોય, તેનાથી તેને નીચે તો ન જ પટકો. જે પોતાને ક્ષણભરમાં હજારો જુદી જુદી વ્યક્તિઓ સાથે એકરૂપ કરી શકે તે જ સાચો ગુરુ છે. વિદ્યાર્થીની મનોભૂમિની સપાટીએ જે તરત જ ઊતરી આવે, પોતાનો આત્મા પોતાના શિષ્યના આત્મા સાથે જે એકરૂપ કરી શકે, જે શિષ્યની દૃષ્ટિએ જોઈ શકે, તેને કાને સાંભળી શકે તથા તેના મગજ દ્વારા સમજી શકે, એ જ સાચો ગુરુ છે. એવા જ ગુરુ સાચો ઉપદેશ આપી શકે, બીજા કોઈ નહીં. જે આ બધા નિષેધક, નિરુત્સાહક તથા સંહારક ગુરુઓ છે, તેઓ કંઈ જ ભલું કરી શકતા નથી.

મારા ગુરુદેવના સહવાસમાં રહીને મેં એ જાણી લીધું કે આ શરીરમાં પણ મનુષ્ય પૂર્ણાવસ્થાએ પહોંચી શકે છે. તેમના મુખમાંથી કદી કોઈને માટે શાપના શબ્દો નીકળ્યા નથી, કે નથી તેમણે કદી કોઈનામાં કોઈ દોષ જોયો, તેમની આંખો કોઈ બૂરી ચીજને જોઈ જ શકતી નહી, કે ન તો તેમના મનમાં કદી કોઈ બૂરા વિચારો પ્રવેશી શકતા. તેમણે જે જોયું, તે સારું જ જોયું. મહાન પવિત્રતા અને મહાન ત્યાગ-આધ્યાત્મિક જીવનનું આજ રહસ્ય છે.

વેદોનું કથન છે: **"ન ધનેન ન પ્રજયા ત્યાગેનૈકે અમૃતત્વમાનશુ":** "અમરત્વ ધનથી કે સંતતિથી પ્રાપ્ત થઈ શકતું નથી; એ તો માત્ર વૈરાગ્યથી જ પ્રાપ્ત થઈ શકે છે." જિસસ ક્રાઈસ્ટનું પણ કથન છે કે, "જે કંઈ તમારી પાસે છે તે વહેચી નાખો, ગરીબોને આપી દો અને મને અનુસરો." આ જ ભાવ સઘળા સાધુસંતો તથા પયગંબરોએ પણ પ્રકટ કર્યો છે, અને પોતાના જીવનમાં આચરી બતાવ્યો છે. ત્યાગ વિના આધ્યાત્મિકતા આવી જ કેવી રીતે શકે? બધા ધર્મભાવોની પાર્શ્વભૂમિ કેવળ ત્યાગ જ છે. તમે જોઈ શકશો કે ત્યાગની ભાવના જેમ જેમ ઓછી થતી જાય, તેમ તેમ **ધાર્મિક ક્ષેત્રમાં ઈન્દ્રિયોની પ્રબળતા વધતી જાય અને તેટલા પ્રમાણમાં** આધ્યાત્મિકતા ઘટતી જાય.

મારા ગુરુદેવ ત્યાગની સાક્ષાત મૂર્તિ હતા. અમારા દેશમાં જે માણસ સંન્યાસ લે છે, તેને બધી સાંસારિક સંપત્તિ તથા માન-યશનો ત્યાગ કરવો

પડે છે. મારા ગુરુદેવે આ સિદ્ધાંતનું અક્ષરેઅક્ષર પાલન કર્યું હતું. જો પોતાની કોઈ ભેટ ગુરુદેવ સ્વીકારે તો પોતાને ભાગ્યશાળી માને એવા ઘણાયે માણસો હતા, અને જો ગુરુદેવે સ્વીકાર્યા હોત તો એ માણસો તેમને હજારો રૂપિયા આપી દેત. પરંતુ ગુરુદેવ તો આવા માણસોથી દૂર ભાગતા. કામ અને કાંચન પર તેમણે સંપૂર્ણ વિજય મેળવી લીધો હતો; આ બાબતમાં તેઓ પ્રત્યક્ષ ઉદાહરણ રૂપ હતા. અરે! આ બન્ને પ્રકારની કલ્પનાથી પણ તેઓ પર હતા; અને અત્યારના દિવસોમાં આવા જ મહાપુરુષની આવશ્યકતા છે.

ખાસ કરીને તો આજકાલ જ્યારે મનુષ્યો જે ચીજોને પોતાની આવશ્યકતાઓ માને છે કે જેમને તેઓ દિવસે દિવસે હદ બહાર વધારતા જાય છે, અને જેના વિના તેઓ એક મહિનો પણ જીવતા રહી શકે નહીં એમ સમજવા લાગ્યા છે, ત્યારે આવા જ ત્યાગની અત્યંત જરૂર છે. વર્તમાન યુગમાં કોઈ એક એવા પુરુષે ઊભા થઈને સંસારની શ્રદ્ધાહીન જનતાને એ બતાવી આપવાની જરૂર છે કે દુનિયામાં આજે પણ એક એવો મહાપુરુષ અસ્તિત્વ ધરાવે છે કે જે દુનિયાની સંપત્તિ તથા કીર્તિની એક તણખલા જેટલીયે પરવા કરતો નથી. હજી એવા પુરુષો છે ખરા.

મારા ગુરુદેવના જીવનનું બીજું એક મહાન તત્ત્વ—બીજાઓ પ્રત્યેનો તેમનો અગાધ પ્રેમ હતો. જીવનનો પૂર્વાર્ધ તેમણે ધર્મનું ઉપાર્જન કરવામાં અને ઉત્તરાર્ધ તેના વિતરણમાં ગાળ્યો.

લોકોનાં ટોળેટોળાં મારા ગુરુદેવની કલ્યાણકારી વાણી સાંભળવા આવતાં હતાં. અને તેઓ ચોવીસ કલાકમાંથી વીસ વીસ કલાક સુધી તેમની સાથે વાતચીત કર્યા કરતા. એક દિવસ નહીં, બલ્કે મહિનાઓના મહિના સુધી આ ક્રમ ચાલુ રહ્યો. અંતે પરિણામ એ આવ્યું કે વધારે પડતા પરિશ્રમને કારણે ગુરુદેવનું શરીર ભાંગી પડ્યું. માનવજાતિ પ્રત્યે તેમને એવો અગાધ પ્રેમ હતો કે તેમની કૃપા મેળવવા આવનારા હજારો માણસોમાંથી અતિ સામાન્ય માણસ પણ વંચિત રહેતો નહીં.

આથી ધીરે ધીરે તેમને ગળાનો એક ભયંકર રોગ લાગુ પડ્યો; તેમને આગ્રહપૂર્વક સમજાવ્યા છતાં તેમણે ગળાને કષ્ટ આપવાનું છોડ્યું

નહીં. બહાર ભેગા થયેલા લોકો તેમને મળવા માગે છે, એમ સાંભળતાં જ તેઓ તેમને અંદર બોલાવ્યા વિના રહેતા નહીં. દરેકને તેના બધા સવાલોના જવાબ આપતા. જો એમ કરતાં તેમને અટકાવવામાં આવતા તો તેઓ કહેતા કે "હું દરદની પરવા કરતો નથી; જો એક પણ મનુષ્યને હું સહાય કરી શકું તો આવાં હજારો શરીરો છોડવા હું તૈયાર છું. એક માણસને પણ સહાયભૂત થવું એ ગૌરવની વાત છે." તેમને માટે જાણે કે વિસામો હતો જ નહીં.

એક વાર એક ભાઈએ તેમને પૂછ્યું: "મહારાજ! આપ મોટા યોગી છો. આપ આપનું ધ્યાન શરીર તરફ કેમ કેન્દ્રિત નથી કરતા કે આપની બીમારી દૂર થઈ જાય. પહેલાં તો તેમણે જવાબ આપ્યો નહીં. પરંતુ એ પ્રશ્ન ફરી ફરી ઘણી વાર પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું: "ભાઈ! હું ધારતો હતો કે તમે જ્ઞાની છો, પરંતુ તમે પણ સંસારના બીજા માણસો જેવી જ વાત કરો છો. મારું સમગ્ર મન મેં ઈશ્વરાર્પણ કરી દીધું છે, તો શું તે હવે હું પાછું લઈ લઉં, અને આ શરીર કે જે આત્માનું એક પિંજર છે તેના ઉપર તેને લગાડું?"

આજે શ્રી રામકૃષ્ણ પરમહંસનું નામ ભારતવર્ષમાં લાખો સ્ત્રીપુરુષોમાં જાણીતું છે; એટલું જ નહીં, પરંતુ એ મહાપુરુષની શક્તિ ભારતવર્ષની બહાર પણ ફેલાઈ ગઈ છે. આ સંસારમાં ક્યાંય પણ સત્યના સંબંધમાં કે આધ્યાત્મિકતાના વિષયમાં હું એક પણ સાચો શબ્દ બોલ્યો હોઉં તેનું બધું શ્રેય મારા ગુરુદેવને છે, માત્ર ભૂલો બધી મારી છે.

મારા ગુરુદેવનો માનવજાતિ માટે સંદેશ આ છે કે, "પહેલાં તમે પોતે ધાર્મિક બનો અને સત્યની ઉપલબ્ધિ કરો." તમે પોતાનાં ભાંડુ સમી સમગ્ર માનવજાતિના કલ્યાણ અર્થે સર્વસ્વનો ત્યાગ કરો, એમ તેઓ ઇચ્છતા. તેઓ ચાહતા હતા કે ભ્રાતૃપ્રેમની માત્ર વાતો જ ન કરો, પરંતુ તમારા શબ્દોને યથાર્થ કરી બતાવો. ત્યાગ તથા પ્રત્યક્ષાનુભૂતિનો સમય આવી પહોંચ્યો છે, અને તેમની મદદથી જ તમે જગતના બધા ધર્મોની સંવાદિતા જોઈ શકશો. ત્યારે જ તમને ખાતરી થશે ક આપસઆપસમાં ઝઘડાની કોઈ જરૂર નથી; ત્યારે જ તમે સમગ્ર માનવ જાતિની સેવા

કરવાને માટે તૈયાર થઈ શકશો.

સર્વ ધર્મોનું મૂળ તત્ત્વ એક જ છે, એ વાત સ્પષ્ટરૂપે બતાવવા માટે જ મારા ગુરુદેવનો અવતાર થયો હતો. બીજા ધર્મસંસ્થાપકોએ સ્વતંત્ર ધર્મનો ઉપદેશ આપ્યો હતો અને તે તે ધર્મો તેમનાં નામોથી પ્રચલિત છે. પરતું ઓગણીસમી સદીના આ મહાપુરુષે પોતાને માટે કંઈ પણ દાવો કર્યો નથી, તેઓ કોઈપણ ધર્મની આડે આવ્યા નથી, કારણ કે તેમણે પ્રત્યક્ષ અનુભવ કરી લીધો હતો કે વાસ્તવમાં બધા ધર્મો એક જ ધર્મના ભિન્ન ભિન્ન સ્વરૂપો છે.

* * *

**ગુજરાતી સિનિયર (૮, ૯, ૧૦ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૨. સ્વામી વિવેકાનંદનું પૂર્વમાં પ્રથમ જાહેર પ્રવચન

એક કાળ એવો હતો કે, જયારે વિશાળ ગ્રીક પલટનોની કૂચના ધણધણાટથી ધરતી ધ્રુજતી હતી. ગ્રીકોની એ પ્રાચીન ભૂમિ પાછળ પોતાની એક કથની સરખીયે મૂક્યા વિના આ પૃથ્વીના પટ પરથી ભૂંસાઈ ગઈ છે. એક એવો કાળ હતો કે જ્યારે રોમનોનો ગરુડધ્વજ આ દુનિયામાં મેળવવા જેવી દરેક વસ્તુ પર ઊડતો હતો, દરેક જગાએ રોમનોની હાક વાગતી હતી, માનવજાતનું મસ્તક એમની એડી તળે ચંપાયેલું હતું; અરે, રોમનું નામ સાંભળતાં ધરતી ધ્રુજી ઊઠતી. પરંતુ આજે ત્યાંની કેપીટોલીની ટેકરી ભાંગી ભૂક્કા થઈ જઈ ખંડિયેર રૂપે જ ઊભી છે; જ્યાંથી સીઝરો સત્તાનો દોર ચલાવતા ત્યાં આજે કરોળિયાઓ પોતાંના જાળાં બાંધે છે. એવી જ પ્રતાપી બીજી પ્રજાઓ પણ થઈ છે. એ પ્રજાઓ આવી, આનંદભર્યા તમાશા માણ્યા, સમૃદ્ધ રાજસત્તાના તથા દુરાચારભર્યા પ્રજાકીય જીવનના થોડા એક કલાકો કાઢ્યા અને આખરે પાણી પરના પરપોટા પેઠે ફૂટીને અદશ્ય થઈ ગઈ. આ પ્રજાઓ માનવજાતના ઈતિહાસપટ પર પોતાની આવી જાતની નિશાનીઓ મૂક્તી ગઈ છે.

દુનિયાના અન્ય ભાગોમાં પણ સંસ્કૃતિઓ પેદા થઈ છે. પ્રાચીન તેમ જ અર્વાચીન કાળમાં બળવાન અને મહાન પ્રજાઓમાંથી મહાન વિચારો ઉદ્‌ભવ્યા છે; એક પ્રજા પાસેથી બીજી પ્રજામાં અદ્‌ભુત ભાવનાઓ લઈ જવાઈ છે; પ્રાચીન તેમ જ અર્વાચીન કાળમાં રાષ્ટ્રીય જીવનની આગળ ધસમસતા જુવાળ દ્વારા મહાન સત્ય અને શક્તિનાં બીજો બહાર વવાઈ

ચૂક્યાં છે. પરંતુ મારા મિત્રો! તમે યાદ રાખજો કે એ બધું હંમેશા યુદ્ધનાં રણશીંગાંના તુમુલ શબ્દે અને લશ્કરનાં ઘોડાંઓની કૂચ વડે જ હાસલ કરવામાં આવ્યુ છે. દરેક વિચારને લોહીના ધોધ વડે નવડાવવો પડ્યો હતો. દરેક વિચારને આપણા લાખો માનવ-બંધુઓના લોહીની નદીઓ ખૂંદીને આગળ વધવું પડ્યું છે. સત્તાના એકએક શબ્દની પાછળ લાખોના આર્તનાદ, અનાથોની હૈયાવરાળ અને વિધવાઓનાં આંસુઓ રહેલાં છે. બીજી પ્રજાઓએ જે શીખવ્યું છે તે મુખ્યત્વે આ છે. પરંતુ ભારત તો હજારો વર્ષ સુધી શાંતિથી જ રહ્યું છે.

જ્યારે ગ્રીસનું અસ્તિત્વ પણ નહોતું, જ્યારે રોમ વિશે કોઈને વિચાર સરખોય નહોતો આવતો, જ્યારે અત્યારના યુરોપિયનોના બાપદાદાઓ જંગલમાં રહેતા અને શરીર પર રંગના લપેડા કરતા, ત્યારે ભારત પ્રવૃત્તિથી ધમધમી રહ્યું હતું. એથીયે પૂર્વે, જ્યારે ઇતિહાસનો કશો ઉલ્લેખ મળતો નથી અને અતિ દૂરના ભૂતકાળના ગાઢ અંધકારમાં ડોકિયું કરવાની પુરાણોની પંરપરાની પણ હિંમત ચાલતી નથી, એ કાળથી તે અત્યાર સુધીમાં, આ ભૂમિમાંથી વિચારો પાછળ વિચારો આવતા જ ગયા છે. પરંતુ એકે એક શબ્દના ઉચ્ચારની પાછળ આશીર્વાદ અને આગળ શાંતિ રહેલાં છે. દુનિયાની બધી પ્રજાઓમાં આપણે જ એવા છીએ કે જેઓ કદી પણ વિજેતા તરીકે આગળ આવ્યા નથી; એ આશીર્વાદો આપણા પર વરસ્યા છે એટલે જ આપણે હજુ જીવતા છીએ.

ભારતમાં હજારો ને લાખો વરસો દરમિયાન સમાજમાં બંધબેસતા બનાવાયેલા કાયદાઓ એના એ જ છે; જમાનાઓથી કુશાગ્ર બુદ્ધિ અને સદીઓના અનુભવના ફળ રૂપે ઘડાયેલા શાશ્વત જેવા રિવાજો હજુ પ્રચલિત છે; અને જેમ જેમ દિવસો જતા જાય છે, જેમ જેમ વિપત્તિના આઘાતો પર આઘાતો તેમના પર થતા આવે છે, તેમ તેમ આવા આઘાતો પણ જાણે કે તેમને વધુ મજબૂત અને ચિરસ્થાયી બનાવવાનો એકમાત્ર હેતુ સિદ્ધ કરતા દેખાય છે. અને આ બધાનું કેન્દ્ર, જેમાંથી રાષ્ટ્રીય જીવનનું રક્ત વહન કરે છે તે હૃદય, રાષ્ટ્રીય જીવનની મુખ્ય કમાન, જો શોધવી હોય તો, દુનિયાના મારા અનુભવને અંતે નીકળતા આ મારા બોલ પર વિશ્વાસ રાખજો કે, એ બધું અહીંયા છે.

દુનિયાની બીજી પ્રજાઓને મન, ધર્મ એ જિંદગીની અનેક પ્રવૃત્તિઓ માંહેની એક પ્રવૃત્તિમાત્ર છે. તેમને રાજકારણ છે, સામાજિક જીવનના જલસા છે, શ્રીમંતાઈ ખરીદી શકે કે સત્તા આણી શકે એ સઘળું છે, ઈન્દ્રિયો ભોગવી અને માણી શકે તે બધું જ છે. જિંદગીની આ બધી વિવિધ પ્રવૃત્તિઓની વચ્ચે અને ધરાઈને ગળા સુધી આવી ગયેલી ઈન્દ્રિયોને હજી જરાક વધુ ઉત્તેજિત કરે એવું કંઈક શોધવાની લાલસાઓ વચ્ચે—આ બધાની વચ્ચે કદાચ જરાક જેટલો જ, તેમને માટે ધર્મ પણ છે. પરંતુ અહીં, ભારતમાં તો જિંદગીની એક, અને એકમાત્ર જ પ્રવૃત્તિ તે ધર્મ છે.

દરેક વ્યક્તિને પોતાની વિશિષ્ટતાઓ હોય છે, અને દરેક માણસને વિકાસની પોતાની એક આગવી રીત હોય છે. આપણે કહીએ છીએ તેમ દરેક વ્યક્તિને પોતાનાં બધાં પૂર્વ કર્મો-પોતાના અનંત ભૂતકાળમાં જીવન વડે નક્કી થઈ ગયેલું એક આગવું જીવન હોય છે. પોતાનો બધો ભૂતકાળ સાથે લઈને તે આ સંસારમાં જન્મે છે, અનંત ભૂતકાળ એના વર્તમાનને ઘડે છે. અને તેણે કરેલો વર્તમાનનો ઉપયોગ તેના ભવિષ્યને નક્કી કરનાર નીવડે છે. આ રીતે આ સંસારમાં જન્મેલ દરેકેદરેકનો એક વળાંક-એક દિશા હોય છે, કે જે તરફ તેણે જવું જ પડે, એમાં થઈને જ તેણે જીવવું જોઈએ. અને જેટલું વ્યક્તિ વિશે આ સાચું છે એટલું જ તે પ્રજા વિશે પણ સાચું છે. તે પ્રમાણે દરેક પ્રજાનું એક વિશિષ્ટ વલણ હોય છે, તેના અસ્તિત્વનો એક ખાસ (raison d'etre) જીવનહેતુ હોય છે; સમગ્ર દુનિયાના સામુહિક જીવનમાં પૂર્તિ કરવાનું એ વિશિષ્ટ જીવનકાર્ય હોય છે. દરેક પ્રજાએ પોતાનું એક આગવું પરિણામ લાવવાનું જ હોય છે, પોતાનું એક આગવું જીવનકાર્ય સંપૂર્ણ કરવાનું છે.

આપણી પ્રજાનું જીવનકાર્ય કદી રાજકીય મહત્તા કે લશ્કરી તાકાત નથી; એ કદી હતું પણ નહીં અને, મારા શબ્દો લક્ષમાં રાખજો કે એ કદી થવાનું પણ નથી. જીવનકાર્ય તરીકે આપણને સોંપાયેલું કામ બીજું જ છે. તે છે પ્રજાના સમગ્ર આધ્યાત્મિક શક્તિને સંભાળવાનું, જાળવવાનું, જાણે કે એક ડાઈનેમોમાં સંઘરી રાખવાનું, અને જ્યારે જ્યારે સંજોગો સાનુકૂળ હોય ત્યારે ત્યારે એ સંગૃહીત શક્તિને દુનિયા ઉપર પૂરની

પેઠે વહાવી દેવાનું. ઈરાનીઓ કે ગ્રીકો, રોમનો, અરબો કે અંગ્રેજો, સહુ લશ્કરી પલટનોને કૂચકદમ કરતી જગત પર ભલે મોકલે, ભલે સમગ્ર જગતને જીતે અને જુદી જુદી પ્રજાઓને સાંકળી લે; ભારતનું તત્ત્વદર્શન અને આધ્યાત્મિકતા તો નવી બનાવેલી નીકો વાટે દુનિયાની પ્રજાઓની નસોમાં વહેવા માટે સદાય તત્પર છે. સમગ્ર માનવસમાજના વિકાસમાં હિંદુના શાંત મગજે પોતાનો ફાળો આપવો જ જોઈએ. જગતને માટે ભારતનું દાન છે આધ્યાત્મિક પ્રકાશ.

આપણે ઈતિહાસમાં વાંચીએ છીએ કે આ રીતે, ભૂતકાળમાં જ્યારે જ્યારે કોઈ મહાન વિજયશાળી પ્રજા ઊભી થઈને દુનિયાની બીજી પ્રજાઓને તેણે સાંકળી છે, અને ભારતની પ્રજાને જાણે કે તેના એકલવાયાપણામાંથી, વારે વારે ડૂબી જતા તેના જગતથી અતડાપણામાંથી બહાર કાઢીને બીજી પ્રજાઓની સાથે જોડી છે, જ્યારે જ્યારે આવો કાર્યક્રમ ઘડાઈ આવ્યો છે, ત્યારે ત્યારે પરિણામે સમગ્ર જગત ભારતના આધ્યાત્મિક વિચારોથી છલકાઈ ગયું છે.

જેઓ પોતાની આંખો ખુલ્લી રાખે છે, જેઓ પશ્ચિમની જુદી જુદી પ્રજાઓના માનસની અંદર ચાલી રહેલી ક્રિયાઓને પિછાને છે, જેઓ વિચારકો છે અને જેઓ જુદી જુદી પ્રજાઓનો અભ્યાસ કરે છે, તેમને જણાશે કે ભારતીય વિચારોના આ ધીમા પરંતુ નિરંતર ચાલુ રહેલા પ્રચારના પ્રભાવે વિશ્વની દૃષ્ટિમાં, તેની કાર્યપ્રણાલીમાં, તેની પદ્ધતિઓમાં અને તેના સાહિત્યમાં એક જબરદસ્ત પરિવર્તન થઈ રહ્યું છે.

પરંતુ હું તમને આ પૂર્વે સૂચવી ચૂક્યો છું તેમ, અહીં એક બીજી વિશિષ્ટતા આપણે આપણા વિચારોનો પ્રચાર આગ અને તલવારના જોરે કદી કર્યો નથી. ભારતે વિશ્વને આપેલી ભેટનું યથાર્થ દર્શન કરાવે તેવો અંગ્રેજી ભાષામાં જો કોઈ પણ શબ્દ હોય, ભારતનું સાહિત્ય માનવજાત ઉપર જે પ્રભાવ પાડે છે તે વ્યક્ત કરવાને માટે અંગ્રેજી ભાષામાં જો કોઈ એકમાત્ર શબ્દ હોય તો તે શબ્દ છે: "ફેસિનેશન (Fascination વશીકરણ)" તમને કાંઈક અચાનક આકર્ષી લે તેનાથી ઊલટો અર્થ દર્શાવનારો એ શબ્દ છે, જો કે ખબર પડવા દીધા વિના એ તમારા

પર અજબ ભૂરકી નાખી દે છે.

ભારતીય વિચારો, ભારતીય રીતભાતો, ભારતીય રિવાજો, ભારતીય ફિલસૂફી (તત્ત્વદર્શન) અને ભારતીય સાહિત્ય પ્રથમ દૃષ્ટિએ ઘણા લોકોને અણગમો ઉપજાવે છે; પરંતુ જો એ લોકો એ બધું ખંતપૂર્વક વાંચે, આ ભાવનાઓ તળે રહેલા મહાન સિદ્ધાંતોથી પરિચિત થાય તો તેમાંના સેંકડે નવ્વાણું ટકા લોકો પર ભૂરકી આવી જવાની, જાણે કે તેમને વશીકરણ થવાનું. જેમ ઉષઃકાળની ઝાકળ ધીમે અદૃષ્ટ રીતે નીરવપણે પડતી હોવા છતાં અતિ જબરદસ્ત પરિણામ લાવે છે. તેમ જ વિચારોના વિશ્વ પર આ શાંત, ધૈર્યવાન, સર્વસહિષ્ણુ આધ્યાત્મિક પ્રજાનું કાર્ય ધીમે ધીમે અને નીરવપણે થયા જ કર્યું છે.

એકમાત્ર ભારત જ એવો દેશ છે કે જ્યાં માનવી પોતાના ક્ષુદ્ર કુળદેવતા માટે, “મારો દેવ જ ખરો છે, તારો નહીં, ન માનતો હો તો આવી જા લડવા સારુ.” એમ કહીને યુદ્ધે ચડ્યો નથી. કેવળ અહીં જ એવું બન્યું છે કે જ્યાં ક્ષુદ્ર દેવતાઓ માટે યુદ્ધ જેવા વિચારો આવ્યા નથી. આ બધા મહાન પાયાના સિદ્ધાંતો મનુષ્યના શાશ્વત સ્વભાવ પર આધારિત હોવાને કારણે હજારો વરસ પૂર્વે માનવજાતનું ભલું કરવા માટે કેવા સબળ હતા તેવા જ આજે પણ સબળ છે.

एकं सत् विप्रा बहुधा वदन्ति ।– “સત એક જ છે; ઋષિઓ તેને વિવિધ નામથી બોલાવે છે.” ભારતનો આખો ઇતિહાસ તમે આ થોડાક શબ્દોની અંદર વાંચી શકશો.એ આખો ઇતિહાસ, એક મધ્યવર્તી સિદ્ધાંતનું પ્રબળ શક્તિપૂર્વક વજનદાર વાણીમાં કરાયેલું પુનરુચ્ચારણ માત્ર છે. દેશમાં એનું પુનરુચ્ચારણ એટલું બધું થયું કે અંતે એ પ્રજાના લોહીમાં ઊતરી ગયું, પ્રજાની નસોમાં વહેતા રક્તનાં બુંદેબુંદમાં ફરવા લાગ્યું, જે ઉપાદાનમાંથી પ્રજા બની હતી તે ઉપાદાનનું એ અંગપ્રત્યંગ બની ગયું, પ્રજાના જીવનની સાથે એકરૂપ બની ગયું. અને એ રીતે આ દેશ, વિવિધ ધર્મોને તેમ જ વિવિધ સંપ્રદાયોને પોતાની પ્રાચીન માધ્યમમાં આવકારવાનો અધિકાર આપનારી વિસ્મયકારી ધાર્મિક સહિષ્ણુતાની ભૂમિમાં રૂપાંતર પામ્યો.

અને આટલા બધા વિવિધ સંપ્રદાયો, ઉપલક દૃષ્ટિએ જોતાં કોઈ પણ રીતે પરસ્પર મેળ ન ખાય એટલે અંશે એકબીજાના વિરોધી હોવા છતાં ખૂબ સુમેળથી રહે, એ કેવળ અહીં જ દૃષ્ટિગોચર થતી ખાસ ધ્યાન ખેંચે તેવી ઘટના છે. બીજા દેશોના વધારેમાં વધારે કેળાયેલા લોકો પોતાનાં નાકનાં ટેરવાં પિસ્તાળીસ અંશને ખૂણે ઊંચાં ચડાવીને આપણા ધર્મને કહેશે, મૂર્તિપૂજા! મેં એ જોયું છે, એ લોકો એટલો પણ વિચાર કરવા થોભતા નથી કે એમના પોતાનાં માથામાં કેટલા વહેમોના લોચા ખદબદે છે! હજીયે બધે એવું જ છે; આ ભીષણ સાંપ્રદાયિકતા, મનની ક્ષુદ્ર સંકુચિતતા બધે એવી ને એવી જ છે. સાચવી રાખવા જેવી એક જ વસ્તુ કઈ? તો પોતાની પાસે હોય તે જ વસ્તુ. જીવવા જેવી એક જ જિંદગી કઈ તો ડૉલરની પૂજાપરાયણ, ભજકલદારની ઘેલછાપરાયણ, પોતાની ક્ષુદ્ર જિંદગી, સંઘરીને સાચવી રાખવા જેવી સંપત્તિ કઈ? તો પોતાની મિલકત, બીજું કાંઈ નહીં. જો જરાક માટીના લોંદામાંથી એકાદી ફાલતુ ચીજ ભાઈ બનાવી નાખે કે એકાદો સંચો શોધી કાઢે, તો કોઈ મોટામાં મોટી મિલ્કત કરતાં પણ વધારે, છાપરે ચડીને, એનાં વખાણ થવાં જોઈએ. શિક્ષણ અને વિદ્યા હોવા છતાં દુનિયાભરમાં બધે આ જ બાબત છે. શિક્ષણને તો હજી જગતમાં આવવાનું બાકી છે; અને સંસ્કૃતિ? સંસ્કૃતિ તો હજી ક્યાંય શરૂ પણ નથી થઈ.

માનવ જાતનો સેંકડે નવાણું પૂર્ણાંક નવ દશાંશ ટકા જેટલો ભાગ હજીયે ઓછેવધતે અંશે જંગલી છે. ધાર્મિક સહિષ્ણુતા વગેરે વિશે આપણે ચોપડીઓમાં વાંચીએ ને કાને સાંભળીએ ભલે, પરંતુ દુનિયાના અમલમાં એનો હજી નાનકડો અંશ છે; એ બાબતમાં મારા અનુભવને તમે પ્રમાણરૂપે સ્વીકારી લો. સેંકડે નવાણું ટકા તો એના વિશે વિચાર સરખોય કરતાં નથી. જે જે દેશમાં હું ગયો છું. તે દરેક દેશમાં હજી ભયંકર ધાર્મિક જુલમ ચાલી રહ્યો છે, અને કંઈ પણ નવું શીખવવાની વિરુદ્ધમાં એની એ પેલી જરીપુરાણી અડચણો ધરવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ માટે જગતમાં જે કાંઈ સહિષ્ણુતા છે, જે કાંઈ જરાતરા પણ સહાનુભૂતિ છે, તે વ્યાવહારિક રીતે જોતાં અહીં આ આર્યોની ભૂમિમાં જ છે, બીજે ક્યાંય નથી. એટલા માટે, જગતને જેની વધુમાં

વધુ આવશ્યકતા છે, જગતે હજી ભારત પાસેથી જે શીખવાનું છે, તે એકમાત્ર મહાન બોધપાઠ કેવળ સહિષ્ણુતાની ભાવનાનો નહીં, પરંતુ સહાનુભૂતિની ભાવનાનો પણ છે. શિવ મહિમ્ન સ્તોત્રમાં કહ્યું છે:

"જેવી રીતે જુદી જુદી નદીઓ જુદા જુદા પર્વતોમાંથી નીકળીને સીધી કે વક્રગતિએ વહેતી વહેતી અંતે સમુદ્રમાં જઈને મળે છે, તેમ હે શંભો! જુદી જુદી મનોવૃત્તિઓથી પ્રેરાઈને મનુષ્ય જે જુદા જુદા માર્ગો ગ્રહણ કરે છે તે બધા સીધા કે વાંકાચૂકા કે જુદા જુદા દેખાય, તો પણ અંતે તમારા તરફ જ લઈ જાય છે." લોકો ભલે જુદા જુદા માર્ગો ગ્રહણ કરે, પણ તે બધા એક જ રસ્તા ઉપર છે. કોઈ જરા આડોઅવળો જાય, બીજા સીધા જાય, પરંતુ આખરે તો તે બધા એ એક પરમાત્મા પાસે આવે છે. તમારી શિવભક્તિ ત્યારે જ સંપૂર્ણ થાય કે જ્યારે તમે શિવને માત્ર લિંગમાં જુઓ એટલું જ નહીં, પરંતુ તેને સર્વત્ર જુઓ. હરિને જે સર્વ વસ્તુમાં અને સર્વ મનુષ્યમાં જુએ છે, તે જ હરિભક્ત છે, તે જ ઋષિ છે, જો તમે સાચા શિવભક્ત હો તો તમારે શિવને સર્વ વસ્તુમાં અને સર્વ શક્તિમાં જોવા જોઈએ.

દુનિયામાંથી સર્વ ભેદો ટળી જાય એ અસંભવિત છે. એ રહેવા જ જોઈએ. વિવિધતા વિના જીવન જ અટકી પડે. પ્રકાશ મળે છે, ગતિ પેદા થાય છે, દરેકેદરેક વસ્તુ બને છે, તે બધું આ સંઘર્ષથી, વિચારના ભેદથી બને છે, ભિન્નતા, પછી ભલે તે અનંત રીતે વિરોધી હોય, તોપણ તે રહેવી જ જોઈએ. પરંતુ એ કારણસર આપણે એકબીજાને ધિક્કારવાનું આવશ્યક નથી. એ કારણસર આપણે એકબીજા સાથે ઝગડા ને મારામારી કરવાનું આવશ્યક નથી.

તેથી જે એકમાત્ર મધ્યવર્તી સત્યનો કેવળ અહીં જ, આપણી માતૃભૂમિમાં જે ઉપદેશ કરવામાં આવ્યો હતો, તેને આપણે ફરીથી શીખવાની જરૂર છે; અને ફરી એક વાર ભારતમાંથી જ તેનો પ્રચાર કરવાનો છે. શા માટે? કારણ કે એ સત્ય આપણા ગ્રંથોમાં છે એટલું જ નહીં, પરંતુ તે આપણા રાષ્ટ્રીય સાહિત્યના એકેએક તબક્કામાં વહે છે, આપણા રાષ્ટ્રીય જીવનમાં વણાઈ રહેલું છે. કેવળ અહીં જ એનું

રોજબરોજ આચરણ કરવામાં આવે છે; અને જે કોઈ માણસનાં નેત્રો ખુલ્લાં  હોય તે જોઈ શકે છે કે એને આચરણમાં તો કેવળ અહીં ને અહીં જ મૂકવામાં આવે છે. ધર્મ આપણે આ રીતે પ્રાપ્ત કરવાનો છે. નરમાશ, મૃદુતા, ક્ષમા, ભ્રાતૃભાવ અને સહિષ્ણુતાના બોધપાઠ સૌ કોઈ-પછી તે પુરુષ હોય, સ્ત્રી હોય કે બાળક, શિક્ષિત હોય કે અશિક્ષિત હોય, જાતિ કે સંપ્રદાયના ભેદભાવ વગર સૌ કોઈ—શીખી શકે. “વિવિધ નામે સૌ તને જ બોલાવી રહ્યા છે; તું એક જ છે.”

* * *

**ગુજરાતી સિનિયર (૮, ૯, ૧૦ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## ૩. શ્રદ્ધા અને સામર્થ્ય

જે મનુષ્યને પોતાની જાતમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે. જૂના ધર્મોએ કહ્યું : 'જેને પ્રભુમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે.' નવો ધર્મ કહે છે: 'જેને પોતાની જાતમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે.'

જગતનો ઇતિહાસ એટલે જે થોડા મનુષ્યોને પોતાની જાતમાં શ્રદ્ધા હતી એવા મનુષ્યનો ઈતિહાસ, એવી શ્રદ્ધા મનુષ્યની અંદર રહેલી દિવ્યતાને પ્રગટ કરે છે. એવી શ્રદ્ધા વડે તમે ઈચ્છો તે કરી શકો. જ્યારે તમે તમારી અંદર રહેલી અનંત શક્તિને પ્રગટ કરવા માટે પૂરતો પુરુષાર્થ ન કરો ત્યારે જ તમે નિષ્ફળ થાવ છો. કોઈપણ મનુષ્ય કે રાષ્ટ્ર આત્મશ્રદ્ધા ગુમાવે કે તરત જ તેનો નાશ થાય છે.

શ્રદ્ધા, શ્રદ્ધા, પોતાની જાતમાં શ્રદ્ધા : શ્રદ્ધા, ઈશ્વરમાં શ્રદ્ધા- આ છે મહત્તાનું રહસ્ય. તમારા તેંત્રીસ કરોડ પૌરાણિક દેવતાઓમાં તમે શ્રદ્ધા ધરાવો અને પરદેશીઓએ અવારનવાર તમારી સમક્ષ આણેલા તમામ દેવતાઓમાં તમે શ્રદ્ધા રાખો - અને એમ છતાં તમારી જાતમાં કશી શ્રદ્ધા ન ધરાવો તો તમને મુક્તિની પ્રાપ્તિ થઈ શકે નહિ.

આત્મા માટે અમુક વસ્તુ અશક્ય છે એવો વિચાર કદાપિ કરશો નહિ, એવો વિચાર કરવો એ મોટામાં મોટું પાખંડ છે. જો જગતમાં ક્યાંય પાપ હોય તો તે 'હું નિર્બળ છું, પેલા લોકો નિર્બળ છે' એવું કહેવામાં છે.

તમે જેવા વિચાર કરશો, તેવા તમે થશો. જો તમે તમારી જાતને નિર્બળ ધારશો, તો તમે એવા બની જશો: અને જો તમે તમારી જાતને

સમર્થ માનશો તો તમે સમર્થ બની જશો.

મુક્ત બનો; કોઈપણ વ્યક્તિ પાસેથી કશી અપેક્ષા રાખો નહિ. મને ખાતરી છે કે જો તમે તમારા જીવનનું સિંહાવલોકન કરશો તો તમને જણાશે કે તમે હંમેશા બીજા લોકો પાસેથી સહાય મેળવવાનો વ્યર્થ પ્રયાસ કરી રહ્યા હતા - અને એવી સહાય તમને કદાપિ મળી નહિ. તમને જે કંઈ સહાય મળી એ બધી તમારી પોતાની જાતમાંથી, તમારા આત્મામાંથી મળી.

કદાપિ ‘નકાર’ ભણશો નહિ; ‘આ મારાથી થઈ શકશે નહિ’ એવું કહેશો નહિ; કારણ કે તમારામાં અનંત શક્તિ ભરી પડી છે. તમારી મૂળ પ્રકૃતિની સરખામણીમાં સ્થળ અને કાળ પણ કશી વિસાતમાં નથી. તમે જે ઇચ્છો તે કરી શકો છો; તમે સર્વશક્તિમાન છો.

તમે તો ઈશ્વરનાં સંતાનો છો. અક્ષય સુખના ભાગીદાર છો, પવિત્ર અને પૂર્ણ આત્માઓ છો. અરે ઓ પૃથ્વી ઉપરના દિવ્ય આત્માઓ! તમે પાપી? મનુષ્યને પાપી કહેવો એ જ પાપ છે; મનુષ્ય-પ્રકૃતિને એ કાયમી લાંછન લગાડવા જેવું છે; અરે ઓ સિંહો! ઊભા થાઓ અને ‘અમે ઘેટાં છીએ’ એવા ભ્રમને ખંખેરી નાખો. તમે અમર આત્માઓ છો, મુક્ત છો, ધન્ય છો, નિત્ય છો; તમે જડ પદાર્થ નથી, શરીર નથી; જડપદાર્થ તમારો દાસ છે, તમે એના દાસ નથી.

સંઘર્ષોની - ભૂલોની - પરવા કરશો નહિ. મેં કોઈ ગાયને જૂઠું બોલતી કદાપિ સાંભળી નથી; પણ એ તો ગાયની કોટિ થઈ, માણસની નહિ. એટલે આ નાની નાની નિષ્ફળતાઓની, નાનાં નાનાં સ્ખલનોની પરવા કરશો નહિ. તમારા આદર્શને હજાર વાર ઊંચો ધરી રાખો. અને જો હજારવાર નિષ્ફળતા સાંપડે તો વધુ વખત પ્રયત્નો ચાલુ રાખો.

નિર્બળતા ટાળવાનો ઉપાય એ નથી કે નિર્બળતાનું ચિંતન કરવું. પરંતુ એનો ઉપાય તો એ છે કે બળનું ચિંતન કરવું, માણસોમાં જે બળ પ્રથમથી જ રહેલું છે તેનું તેમને ભાન કરાવો.

ઉપનિષદોમાંથી બોમ્બની માફક ઊતરી આવતો અને અજ્ઞાનના

રાશિ ઉપર બોમ્બગોળાની જેમ તૂટી પડતો એવો જો કોઈ એક શબ્દ તમને જડી આવતો હોય તો તે શબ્દ છે : 'અભિઃ'.

જો તમે ધ્યાનપૂર્વક જોશો, તો તમને ખ્યાલ આવશે કે મેં ઉપનિષદો સિવાયના કોઈપણ પુસ્તકોમાંથી અવતરણો આપ્યાં નથી; અને એમાંથી પણ મેં કેવળ સામર્થ્યના વિચારને રજૂ કર્યો છે. વેદ અને વેદાંતનું એ સારતત્ત્વ છે; એ એક શબ્દમાં બધું સમાઈ જાય છે.

મારા નવયુવાન મિત્રો! બળવાન બનો. તમને મારી આ સલાહ છે.

હું પ્રત્યેક વ્યક્તિને આ એક પ્રશ્ન પૂછું છુંઃ 'તમે બળવાન છો? તમને બળની અનુભૂતિ થાય છે?' હું જાણું છું કે કેવળ સત્ય જ મનુષ્યને બળવાન બનાવે છે... બળ એ દુનિયાના રોગનું ખરું ઔષધ છે.

મહત્ત્વનો મુદ્દો આ છેઃ બળ એટલે જીવન, નિર્બળતા એટલે મૃત્યુ; બળ એટલે સુખ, શાશ્વત, અમર જીવન; નિર્બળતા એટલે સતત તાણ અને યાતના; નિર્બળતા એટલે જીવનનો ક્ષય.

જો તમારે સફળતા પ્રાપ્ત કરવી હોય, તો તમારી પાસે પ્રચંડ ખંત અને દૃઢ ઇચ્છા શક્તિ હોવા જોઈએ. ખંતીલો માણસ કહે છેઃ 'હું સાગરને પી જઈશ. મારી ઇચ્છા થતાંવેંત પર્વતો કડડભૂસ થઈ તૂટી પડશે. આવા પ્રકારની શક્તિ પ્રાપ્ત કરો. આવા પ્રકારની ઇચ્છાશક્તિ દાખવો. જો તમે પુરુષાર્થ કરશો, તો જરૂર તમે ધ્યેયને પામી શકશો.

જરૂર છે મર્દોની, સાચા મર્દોની; બીજું બધું તો થઈ રહેશે. પણ ખરેખર તો બળવાન, પ્રાણવાન, શ્રદ્ધાવાન અને નિષ્ઠાથી ઊભરાતા નવયુવકોની જરૂર છે. જો આવા સો નવયુવકો આવી મળે, તો આ જગતની સૂરત પલટી જાય.

'અજ્ઞાનથી ભરેલું એદી જીવન જીવવું એના કરતાં મૃત્યુ પામવું એ વધુ સારું છે; પરાજયથી ભરેલી જિંદગી ગુજારવી એના કરતાં સમરભૂમિમાં મૃત્યુને ભેટવું એ બહેતર છે.' ધર્મનો પાયો આ છે.

આવો, કશુંક વીરતાભર્યું કાર્ય કરી બતાવો. ભાઈ, તમને મુક્તિની

પ્રાપ્તિ ન થાય તો પણ શું થયું? પતનની થોડી પરંપરા ચાલે, તો પણ શો વાંધો છે?

ભૂતકાળમાં દૃષ્ટિ કરવાની કંઈ જરૂર નથી. આગળ ધપો ! આપણે અપાર શક્તિ, અનંત ઉત્સાહ, અસીમ હિંમત અને અપરિમિત ધૈર્યની જરૂર છે. તો જ મહાન કાર્યો સિદ્ધ થાય...

નિરાશ થશો નહિ; માર્ગ ઘણો કઠિન છે — અસ્ત્રાની ધાર ઉપર ચાલવા જેવો કઠિન છે; આમ છતાં હિંમત હારશો નહિ. ઊઠો, જાગો અને ધ્યેયને સિદ્ધ કરો.

ભાઈ! તું શા માટે રડે છે? તને રોગ કે મૃત્યુ નથી. ભાઈ, તું શાને રડે છે? તને દુઃખ કે દુર્ભાગ્ય નથી. ભાઈ, તું શા માટે આંસુ સારે છે ? તારાં નસીબમાં મૃત્યુ કે પરિવર્તન નિર્માયાં જ નથી; તું કેવળ સત્ છો... તું સ્વસ્થ થા.

લોકો ગમે તે કહે, તમે તમારા સિદ્ધાંતને વળગી રહો; તો ખાતરી રાખજો કે જગત તમારા પગમાં પડવાનું છે. લોકો કહે છે: ‘અમુક વ્યક્તિમાં વિશ્વાસ રાખો.’ પણ હું કહું છું: ‘પહેલાં તમે તમારી જાતમાં વિશ્વાસ રાખો.’ એ જ સાચો રસ્તો છે. તમારામાં શ્રદ્ધા રાખો. સઘળી શક્તિ તમારામાં જ રહેલી છે. તેના પ્રત્યે સભાન બનો અને તેને બહાર લાવો. કહો કે ‘હું બધું કરી શકીશ.’ ‘જો તમે દૃઢતાથી સર્પના ઝેરના અસ્તિત્વનો પણ અસ્વીકાર કરો, તો તે ઝેર પણ બિન અસરકારક બની જાય.’

એકવાર કાશીમાં હું એક જગ્યાએથી પસાર થતો હતો. ત્યાં એક બાજુ પાણીનું મોટું તળાવ હતું અને બીજી બાજુ ઊંચી દીવાલ હતી. એ જગ્યાએ ઘણા વાંદરા હતા. કાશીના વાંદરા મોટા હિંસક પશુઓ જેવા હોય છે... તેઓ મારી નજીક આવ્યા, એટલે મેં દોડવાનું શરૂ કર્યું. પણ હું જેમ જેમ વધુ ઝડપથી દોડતો ગયો તેમ તેમ વાંદરાઓ પણ ઝડપથી પીછો કરવા લાગ્યા અને તેમણે મને બચકાં ભરવા માંડયાં. એમનાથી છટકવાનું મને અશક્ય લાગ્યું; પણ બરાબર એ જ વખતે એક અજાણ્યા

ભાઈ આવી ચડ્યા અને તેણે બૂમ પાડીને મને કહ્યું, ‘પશુઓનો સામનો કરો.’ ‘હું પાછો ફર્યો અને વાંદરાઓની સામે થયો, એટલે તેઓ પાછા હઠયા અને આખરે નાસી ગયા. જીવન માટે આ એક બોધપાઠ છે. ભયની સામે થાઓ, તેનો હિંમતપૂર્વક સામનો કરો. જીવનની હાડમારીઓથી જ્યારે આપણે ભાગતા નથી, ત્યારે વાંદરાઓની જેમ તે પાછી હઠે છે. આપણે સ્વાતંત્ર્ય મેળવવું હોય તો તે પ્રકૃતિ ઉપર વિજય મેળવીને જ પ્રાપ્ત કરી શકીશું, નહિ કે નાસી છૂટીને. જો ભય, મુશ્કેલી અને અજ્ઞાનને આપણે આપણી આગળથી નસાડવાં હોય, તો આપણે તેમની સામે લડવું પડશે.

* * *